પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૮-૦૭-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઓપરેશન સિંદુર પર ચર્ચા પૂર્વે લોકસભામાં ભારે ધાંધલ

## લોકસભામાં પહેલગામ હુમલો અને ઓપરેશન સિંદુર પર મહત્વપૂર્ણ ચર્ચા અટકી : વિપક્ષે હોબાળો મચાવતા ગૃહ વારંવાર મોકુફ

નવી દિલ્હી, તા. ૨૮

'ઓપરેશન સિંદૂર' અને પહેલગામ આતંકવાદી હુમલા પર મહત્વપૂર્ણ ચર્ચા શરૂ થાય તે પહેલાં જ, લોકસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. બપોરે ૧ વાગ્યે વિપક્ષના હોબાળાને કારણે. 'ઓપરેશન સિંદૂર' અને પહેલગામ આતંકવાદી હુમલા પર ચર્ચા શરૂ થાય તે પહેલાં જ, વિપક્ષના સાંસદો વેલમાં આવ્યા અને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું, જેના કારણે કાર્યવાહી સ્થગિત કરવામાં આવી. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું, "પહેલા, તમે ઓપરેશન સિંદૂર પર ચર્ચા માટે કહો છો, પછી ગૃહમાં, તમે ગૃહના વેલમાં આવો છો. જો તમે ચર્ચામાં ભાગ લેવા માંગતા હો, તો કૃપા કરીને તમારી સીટ પર બેસો. શું તમે ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માંગો છો કે નહીં?" ...શું

અનુસંધાન પાના ૭ પર

## ડિમ્પલ યાદવનું અપમાન કરનાર મૌલાના સાજિદ રશીદીનો વિરોધ

### એનડીએના મહિલા સાંસદો દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું

નવી દિલ્હી, તા. ૨૮

ટીવી શો દરમિયાન સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ મૌલાના સાજિદ રશીદી સામે દ્વઢછના મહિલા સાંસદોએ મકર દ્વાર ખાતે વિરોધ પ્રદર્શન કર્યું. ભાજપના મહિલા સાંસદ માયા નરોલિયાએ કહ્યું, "આ સમગ્ર નારી શક્તિનું અપમાન છે. અમે આ અપમાન સામે એક થયા છીએ." માયા નરોલિયાએ કહ્યું, "મહિલા સાંસદ વિરુદ્ધ આવી ટિપ્પણીઓ યોગ્ય નથી. પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે, 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ', એટલે કે જ્યાં મહિલાઓનું સન્માન કરવામાં આવે છે, ત્યાં ભગવાન વાસ કરે છે. મહિલા સાંસદ વિરુદ્ધ આવી ટિપ્પણીઓ કરીને, માત્ર તેમનું જ નહીં પરંતુ સમગ્ર મહિલા શક્તિનું અપમાન કરવામાં આવ્યું છે. અમે આ અપમાન સામે એક થયા છીએ અને માનીએ છીએ કે મહિલાઓનું સન્માન કરવું આપણું કર્તવ્ય છે. ભારતમાં મહિલાઓને પ્રથમ સ્થાન આપવામાં આવે છે. કન્યા પૂજનની પરંપરા છે અને મહિલાઓને દેવી સમાન માનવામાં આવે છે." બીજી તરફ, ભાજપના મહિલા સાંસદ ધર્મશીલા ગુપ્તાએ કહ્યું, "જે વ્યક્તિએ આપણા સાંસદ ડિમ્પલ યાદવનું અપમાન કર્યું છે તેણે માત્ર એક મહિલા

અનુસંધાન પાના ૭ પર



**હર હર મહાદેવ..** પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ગુજરાતના સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિરમાં ભવ્યાતિભવ્ય શણગાર કરવામાં આવ્યો છે. સોમનાથ દાદાના દિવ્ય દર્શન કરીને શ્રદ્ધાળુ ભક્તો ધન્ય બની જાય છે. ઉપરાંત યાત્રી સુવિધાઓ-પૂજન તેમજ આરાધ્ય દેવ સોમનાથ મહાદેવના દર્શન જન-જન ને સુંદર રીતે થાય તેવું આગવું આયોજન કરવામાં આવ્યું છે.

### હરિદ્વારાના મનસા મંદિર બાદ

## બારાબંકીના ઔસાનેશ્વર મંદિરમાં ભાગદોડ : બેના મોત, ૪૦ ઘાયલ

### શ્રાવણ માસના સોમવારે વ્હેલી સવારે ત્રણ વાગ્યે જલાભિષેક વખતે દુર્ઘટના

નવી દિલ્હી, તા. ૨૮

ઉત્તરાખંડના હરિદ્વારના મનસા મંદિરમાં નાસભાગની ઘટના બાદ હવે ઉત્તર પ્રદેશના બારાબંકીમાં શ્રાવણ માસના સોમવારે જિલ્લાના હૈદરગઢ વિસ્તારમાં આવેલા પ્રખ્યાત ઔસાનેશ્વર મહાદેવ મંદિરમાં એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી.મહાદેવના જલાભિષેક દરમિયાન અચાનક વીજકરંટ ફેલાતા નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં બે શ્રદ્ધાળુઓના મોત થયા હતા, જ્યારે લગભગ ૪૦ લોકો ઘાયલ થયા હતા.મૃતકોમાં લોનિકત્રા પોલીસ સ્ટેશન વિસ્તારના મુબારકપુરા ગામના રહેવાસી ૨૨ વર્ષીય પ્રશાંત અને એક અન્ય શ્રદ્ધાળુનો સમાવેશ થાય છે. બંનેને સારવાર માટે ત્રિવેદીગંજ સીએચસી લાવવામાં આવ્યા હતા.સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જલાભિષેક માટે મંદિર પરિસરમાં ભેગા થયા હતા.આ દરમિયાન એક વાંદરો વીજળીના વાયર પર કૂદી પડ્યો હતો, જેના કારણે વાયર તૂટી ગયો અને મંદિર પરિસરના ટીન શેડ પર પડ્યો હતો. વાયર પડતાની સાથે જ વીજકરંટ શેડમાં ફેલાઈ ગયો, જેના કારણે ત્યાં હાજર લોકો ગભરાઈ ગયા અને નાસભાગ મચી ગઈ હતી.ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલા રવિવારે સવારે હરિદ્વારના પ્રખ્યાત મનસા દેવી મંદિરમાં નાસભાગની ઘટના બની હતી જેમાં ૮ લોકોના મોત થયા હતા. કાવડ યાત્રા પછી રસ્તો ખોલવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચ્યા હતા અને ભીડને કારણે અરાજકતા ફેલાઈ હતી. અકસ્માતમાં ૧૫ લોકો ઘાયલ પણ થયા હતા.

## ભારતીય રેલ્વે દ્વારા હાઈડ્રોજન વડે દોડતી ટ્રેનનું પરિક્ષણ સફળ

### ભારતમાં ટૂંક સમયમાં હાઈડ્રોજન ટ્રેન દોડતી કરાશે

નવી દિલ્હી, તા. ૨૮

ભારતીય રેલ્વેએ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. દેશના પ્રથમ હાઈડ્રોજન સંચાલિત ટ્રેન કોચનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું. આ પરીક્ષણ હરિયાણાના જીંદમાં રેલ્વે વર્કશોપમાં કરવામાં આવ્યું હતું.રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ સફળ પરીક્ષણનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યો છે. વીડિયો પોસ્ટ કરતા તેમણે લખ્યું છે કે, "ભારત હાલમાં ૧,૨૦૦ HP હાઈડ્રોજન સંચાલિત ટ્રેન વિકસાવી રહ્યું છે, જે દેશને હાઈડ્રોજન ટ્રેન ટેકનોલોજીમાં વૈશ્વિક નેતાઓમાંનો એક બનાવશે. આનાથી ભારત રેલ પરિવહન માટે હાઈડ્રોજનનો ઉપયોગ કરતા પસંદગીના દેશોના જૂથમાં આવે છે."વાસ્તવમાં, ટ્રેનની આ ટેકનોલોજી હાઈડ્રોજન ફ્યુઅલ સેલ સિસ્ટમ પર કામ કરે છે. ટ્રેનના એન્જિનમાં ફીટ કરાયેલ ટાંકીમાં હાઈડ્રોજન ગેસ ભરવામાં આવે છે. જ્યારે, ઓક્સિજન હવા દ્વારા લેવામાં આવે છે. જ્યારે તે બંને મળે છે, ત્યારે રાસાયણિક પ્રતિક્રિયા શરૂ થાય છે.

હાઈડ્રોજન અને ઓક્સિજન મળ્યા પછી, વીજળીનું પ્રસારણ થાય છે જે મોટરને શક્તિ આપે છે. મળતી માહિતી મુજબ, ટ્રેનોમાં પણ

અનુસંધાન પાના ૭ પર

## ધર્મ બદલ્યા વગર થતા લગ્ન ગેરકાનની ગણાય : હાઈકોર્ટ

### આર્ય સમાજની ભૂમિકા સામે પણ પ્રશ્ન ઉઠાવતી અલ્હાબાદ હાઈકોર્ટ

નવી દિલ્હી, તા. ૨૮

દેશમાં ઈન્ટરફેઈસ એટલે કે એક ધર્મના વ્યકિત અન્ય ધર્મના વ્યકિત સાથે લગ્ન કરે તે મુદો હાલમાં વ્યાપક બન્યો છે અને તેમાં લવ જેહાદનું તત્વ પણ ઉમેરાઈ ગયું છે.પરંતુ હાલમાં જ એક મહત્વપૂર્ણ ચૂકાદામાં અલ્હાબાદ હાઈકોર્ટે જણાવ્યું કે, આ પ્રકારના ઈન્ટરફેર એટલે કે પરધર્મી સાથે લગ્નમાં જ્યાં સુધી ધર્માન્તર ન થાય ત્યાં સુધી તે લગ્ન કાનૂની ગણાશે નહીં.ખાસ કરીને અનેક વખત બળજબરીથી ધર્માન્તર કરાવીને લગ્ન થાય છે પરંતુ અંતર ધર્મ લગ્નમાં આ ચૂકાદો મહત્વનો બની જશે અને તેની સાથે આર્યસમાજ દ્વારા જે લગ્ન વિધી કરવામાં આવે છે તેની સામે પણ પ્રશ્ન ઉભો થયો છે.

અલ્હાબાદ હાઈકોર્ટના આ ચૂકાદાએ નવું ચર્ચાનું પણ સર્જન કર્યુ છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યુ કે અલગ અલગ ધર્મના બે વ્યકિતઓ કોઈપણ એક ધર્મ અપનાવ્યા વગર લગ્ન કરે તો તે કાનૂની માન્ય રહેશે નહી.

ઉતરપ્રદેશના મહારાજગંજ જીલ્લામાં નીચલોલ પોલીસ ક્ષેત્ર વિસ્તારમાં એક યુવક પર અપહરણ દુષ્કર્મ સહિત પોકસો એકટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં તે વ્યકિતએ એવો બચાવ કર્યો કે, તેણે આર્યસમાજ મંદિરમાં જઈને લગ્ન કરી લીધા છે અને હવે તે છોકરી પુખ્ત વયની થઈ ગઈ છે અને તેથી આ ફોજદારી કેસ ચલાવવાનું ખોટુ ગણાશે.

જો કે યુવક અને યુવતી બન્ને અલગ ધર્મના હતા અને તેમાંથી કોઈએ ધર્મપરિવર્તન કર્યો ન હતો તેથી ભારતીય કાનૂન હેઠળ આ ધર્મને જે માન્યતા મળી નથી. ન્યાયમૂર્તિ પ્રશાંતકુમારે પોતાના ચૂકાદામાં આરોપીને દોષમુક્ત કરવાની અરજી ફગાવી દેતા જણાવ્યું કે બન્નેમાંથી કોઈએ એક જ ધર્મ અપનાવ્યો

અનુસંધાન પાના ૭ પર

## તા.૧ ઓગસ્ટથી યુપીઆઈની સર્વિસમાં કરાશે ફેરફાર

### દરેક યુપીઆઈ લેવડ-દેવડ બાદ ખાતાની બેલેન્સ જોવા મળશે

નવી દિલ્હી, તા. ૨૮

રાષ્ટ્રીય પેમેન્ટ નિગમ (એનપીસીઆઈ) એ યુપીઆઈ સાથે સંકળાયેલી સેવાઓમાં જરૂરી ફેરફાર કર્યા છે. જે એક ઓગસ્ટથી લાગુ થશે. નવા નિયમો અંતર્ગત બેન્કો અને યુપીઆઈ સેવા આપતી કંપનીઓએ હવે દરેક સફળ યુપીઆઈ લેવડ-દેવડ બાદ ગ્રાહકોને બાકી રકમ (બેલેન્સ)ની જાણકારી મોકલવી પડશે જેથી ગ્રાહક વારંવાર તેની સ્થિતિ ન તપાસે.

આ ઉપરાંત યુપીઆઈ એપથી દિવસમાં ૫૦ વાર જ બાકી રકમની તપાસ કરી શકાશે. આ ફેરફારથી માનવામાં આવે છે કે, યુપીઆઈ સેવામાં આવી રહેલા વિઘ્નોથી રાહત મળશે.

આ ફેરફારથી સર્વર પર પણ બોજ ઘટશે. વીતેલા કેટલાંક મહિનાઓમાં યુપીઆઈથી પેમેન્ટ કરવામાં ગ્રાહકોને મુશ્કેલી થતી હતી. અનેકવાર સર્વર ડાઉન થઈ જવાની ફરિયાદો ઉઠી હતી. જેનું કારણ અચાનક સર્વર પર લોડ વધી

અનુસંધાન પાના ૭ પર

## થાઈલેન્ડ-કંબોડીયા વચ્ચે યુદ્ધ બે લાખથી વધુ લોકો વિસ્થાપીત

### સરહદ પર બન્ને દેશોએ વધુ સૈન્ય દળો તૈનાત કર્યા

નવી દિલ્હી, તા. ૨૮

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સવારે ૬ વાગ્યે યુદ્ધ શરૂ થયું. દસ મિનિટ સુધી ચાલેલા ગોળીબારમાં કંબોડિયન આર્મીના લેફ્ટનન્ટ સુઓન રૌનનું મોત થયું. બંને દેશોએ એકબીજા પર પહેલા હુમલો કરવાનો આરોપ લગાવ્યો.

આ ઘટના પછી થાઈલેન્ડ અને કંબોડિયાએ સરહદ પર વધુ સૈનિકો તૈનાત કર્યા. પરિસ્થિતિને શાંત કરવા માટે થાઈલેન્ડના તત્કાલીન પીએમ પ્યોટોંગથોર્ન શિનાવાત્રાએ ૧૫ જૂને કંબોડિયાના ભૂતપૂર્વ પીએમ હુન સેનને ફોન કર્યો.

બંને નેતાઓ વચ્ચે ૧૭ મિનિટની વાતચીત થઈ હતી જે લીક થઈ ગઈ હતી. આનાથી થાઈલેન્ડમાં હોબાળો મચી ગયો અને માત્ર ૧૫ દિવસમાં શિનાવાત્રાને પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું અને આખરે ૨૪ જુલાઈના રોજ થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સંઘર્ષ શરૂ થયો.

આ સંઘર્ષને ૪ દિવસ થઈ ગયા છે. અત્યાર સુધીમાં ૩૩ લોકો માર્યા ગયા છે અને ૨ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. આ દરમિયાન યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો

અનુસંધાન પાના ૭ પર

## રાજસ્થાનમાં વરસાદનું રેડ એલર્ટ : આઠ જિલ્લાઓમાં શાળાઓ બંધ

### પટના જંકશન પર ટ્રેક પાણીમાં ડૂબી જતા ટ્રેન ફસાઈ ગઈ

નવી દિલ્હી, તા. ૨૮

બંગાળની ખાડીમાં બનેલું લો પ્રેશર રાજસ્થાનમાં સક્રિય છે. જેના કારણે હવામાન વિભાગે આજે રાજસ્થાનના ૧૪ જિલ્લાઓમાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યુ છે. આ સાથે જ ઝાલાવાડ, કોટા, ભીલવાડા, બાંસવાડા, બારન, ડુંગરપુર, ધોલપુર અને અજમેર ૮ જિલ્લાઓમાં શાળામાં રજા જાહેર કરવામાં આવી છે.રવિવારે આખી



રાત પડેલા વરસાદને કારણે બિહારના પટનાની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. પટના જંકશન પર રેલવે ટ્રેક પાણીમાં ડૂબી ગયો છે. સ્ટેશનની બહાર ૨ ફૂટ પાણી ભરાઈ ગયું છે. પટના-ગયા લાઈનની પેસેન્જર ટ્રેનો અલગ અલગ સ્ટેશનો પર રોકાઈ ગઈ છે. જેના કારણે મુસાફરોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

શું તમે કમર, ઘુંટણ અને સાંધાના અસહ્ય દુઃખાવાથી છુટકારો મેળવવા મુંબઈ કે અમદાવાદ જવા વિચારી રહ્યા છો ?



ચેતનાબેન સી. શાહ (માંડવી)

માંડવીના 55 વર્ષીય ગૃહિણીએ ચેતનાબેન છેલ્લા 6 મહિનાથી ઘુંટણ અને કમરની સમસ્યાથી પીડાઈ રહ્યા હતા . આ દરમિયાન તેમણે એક તબીબને બતાવ્યું, તેમણે રિપોર્ટ કઢાવ્યા, નિદાન થયું કે ઘુંટણમાં ઘસારો તથા કમરમાં પણ તકલીફ હતી. 15-20 દિવસ સારવાર કરાવ્યા બાદ પણ કોઈ ખાસ ફરક પડ્યો નહીં. એક દિવસ મારી દીકરી અને જમાઇ સુરતથી આવ્યા અને તેમણે કહ્યું કે ચાલો આપણે રાંદેરમાં ડો.નરેશ સાહેબને બતાવી દઇએ, ત્યારબાદ ડો.નરેશ ચોઈથાનીએ માત્ર 20 જ દિવસમાં સારા થવાની ખાતરી આપી.

ડો.નરેશની સારવાર પૂર્વે હું કોઇના ટેકા વિના ઉભી થઇ શકતી ન હતી. વોકર વિના ચાલવાની કલ્પના પણ કરી શકતી ન હતી. ચમત્કાર થયો. ચાર દિવસમાં હું વોકર વિના ભીત પકડીને એકલી ચાલવા લાગી અને 20 દિવસ પૂરા થાય તે પહેલાં તો હું આત્મવિશ્વાસથી ચાલવા લાગી. મેં મારી દીકરી -જમાઇને કહ્યું કે હવે હું મારા ઘરે માંડવી જઇશ. આમ ડો.નરેશ સાહેબે આપેલા 20 દિવસની ડેડલાઇન પૂર્વે તો ચાલતી ફરતી મારા ઘરે પહોંચી. થેંક્યું ડોક્ટર સાહેબ.ડો.નરેશ સાહેબે મારી દુનિયા જ બદલી નાંખી.

તો .... હવે ઘુંટણના દુઃખાવાને કહો Bye... Bye...



Knee Decompression Table (DOC)

વિશ્વ સ્તરની આધુનિક સારવાર હવે સુરતમાં ઉપલબ્ધ...
સુરતની સાંઈ ફિઝીયોથેરાપીમાં ઈ.સ. 2014થી
ડોક ટેબલ (કમરની સારવાર) થકી હજારો દર્દીને દુઃખાવાથી મુક્તિ.
આ સફળ ટ્રીટમેન્ટ બાદ ડોક ટેબલ (ઘુંટણની સારવાર)
2025માં લાવી ડો. નરેશ ચોઈથાનીની એક નવી પહેલ

DR. NARESH CHOITHANI

First Physiotherapist in India Certified for Doc Table from Singapore 2015

25 વર્ષનો અનુભવ, 75,000 થી વધુ દર્દીઓ (કમર અને ઘુંટણની) સારવાર લઈ સામાન્ય જીવન જીવી રહ્યા છે. હંમેશા અમો નવી ટેકનોલોજી દ્વારા સારવાર કરી રહ્યા છે.

કન્સલટેશન ચાર્જ ~~500~~ 200

▸ ફોન પર માત્ર એપોઈન્ટમેન્ટ આપવામાં આવશે ▸ વધુ વિગત જાણવા માટે ક્લિનિક પર મળવું

Ph : 0261-2761600 Mo : 91049 71600, 91047 31600

સાંઈ ફિઝીયોથેરાપી & ફિટનેસ ક્લિનિક

19-20, શ્રી રંગ સોસાયટી, પાલનપુર પાટીયા, ગણેશ મંદિરની પાસે, રાંદેર રોડ, સુરત.
મળવાનો સમય : સવારે 8 થી 1 / સાંજે 4 થી 8



# સુરત શહેર ભાજપ દ્વારા નિવૃત્ત સેનાનીઓનું સન્માન કરાયું

## કારગિલ વિજય દિવસ નિમિતે કારગિલ યુદ્ધમાં વીરગતિ પામેલા શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ

સુરત, તા.૨૮

તારીખ ૨૬ જુલાઈ , ૧૯૯૯ માં ભારતના પાકિસ્તાન પર કારગિલ યુદ્ધમાં વિજયના કારણે તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી વાજપેયજી દ્વારા આ દિવસને કારગિલ વિજય દિવસ જાહેર કર્યો હતો તેને ભારતીય જનતા પાર્ટી દર વર્ષે કારગિલ વિજય દિવસ તરીકે ઉજવે છે .

આ અનુપેક્ષમાં આજ રોજ ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર દ્વારા કારગિલ વિજય દિવસ નિમિતે કારગિલ ચોક ખાતે કારગિલ યુદ્ધમાં વિરગતિને પ્રાપ્ત થયેલા શહીદ સૈનિકોને શ્રદ્ધા સુમન અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તથા ભારતીય જનતા પાર્ટી - મુખ્ય કાર્યાલય પંડિત દીનદયાળા ભવન ખાતે નિવૃત સેનાનીઓ નું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું . ઉપરોક્ત પ્રસંગે નિવૃત સેનાની શ્રી મનમોહન શર્માજી , શ્રી એન કે દેસાઈ , શ્રી જયંતીભાઈ સહિત મોટી સંખ્યામાં સુરત મહાનગરના નિવૃત સૈનિકો તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર અધ્યક્ષ શ્રી પરેશ પટેલ , સુરત મહાનગરના મેયર શ્રી દક્ષેશ માવાણી , ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ , શ્રી કાળુભાઈ ભીમનાથ , ધારાસભ્ય શ્રી પૂર્ણેશ મોદી , સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર ડો. નરેન્દ્ર પાટીલ , સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી રાજન પટેલ , શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી , દંડક શ્રી ધર્મેશ વાણીયાવાળા , સુરત મહાનગર ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ શ્રી પંકજ દેસાઈ , શ્રી રસિક પટેલ , યુવા મોરચા અધ્યક્ષ શ્રી ભાવિન ટોપીવાલા , મહિલા મોરચા અધ્યક્ષ શ્રીમતી શીલાબેન તારપરા , સુરત મહાનગરના નગરસેવકશ્રીઓ સહિત આગેવાન કાર્યકિતાશ્રીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા .

# સમસ્ત ઝારખંડ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા વિશાળ કાવડયાત્રા

## યાત્રામાં પાંચ હજારની વધુ કાવડ યાત્રીઓ જોડાયા



સુરત, તા.૨૮

સમસ્ત ઝારખંડ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગોડાદરા, નિલગિરી રોડ પર સ્થિત શ્રી બાબા વૈદ્યનાથ મહાદેવ મંદિરથી ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત પાંચ વર્ષોથી યોજાતી આ કાવડ યાત્રા આજે સુરત શહેરની સૌથી મોટી કાવડ યાત્રા તરીકે ઓળખ મળે છે.

આ યાત્રામાં ૫ હજારથી વધુ કાવડ યાત્રાળુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ખાસ વાત એ રહી કે ૧ હજારથી વધુ મહિલાઓએ પણ ભારે સંખ્યામાં હાજરી આપી, કાવડ યાત્રામાં ભાગ લઈને ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. લિંબાયત વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટિલે યાત્રાનું શુભારંભ ફૂલવર્ષા કરી અને કાવડ આપીને કરાવ્યો હતો. સમગ્ર યાત્રા દરમિયાન "બોલ બમ"ના ઘોષ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું અને ભક્તિભાવ છલકાતો રહ્યો. કાર્યક્રમનું સંચાલન શ્રી યજૂવેન્દ્ર દુબે (પૂર્વ પાર્ષદ) દ્વારા કરાયું હતું. સાથે ડેપ્યુટી મેયર ડૉ. નરેન્દ્ર પાટિલ, ચેરમેન નાગરભાઈ પટેલ તથા ઝારખંડ સમાજના અનેક વરિષ્ઠ આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતાં. ટ્રસ્ટના વાસુદેવ મહતો, મહાદેવ વર્મા, ફૂલદેવ વર્મા, શંકર વર્મા, સંતોષકુમાર વર્મા, અશોક વર્મા સહિત અનેક ટ્રસ્ટીઓ સેવા આપી રહ્યા હતા.





# શ્રી માધવ ગૌશાળા ખાતે મેગા કેમ્પમાં ૧૦૩૪ યુનિટ રક્ત દાન

## ગૌ સેવા સાથે રક્તદાનની પ્રવૃત્તિને બિરાદવતા શહેર પોલીસ કમિશનર ગહેલોત

સુરત, તા.૨૮

ઉધના સ્થિત આવેલ શ્રી માધવ ગૌશાળા ખાતે તા.૨૭-૦૭-૨૦૨૫ ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. રકતદાન શિબિરમાં ૧૦૩૪ રક્તયુનિટ(બ્લડ) એકત્રિત થયેલ. સાંસ્કૃતિક રક્ષા સમિતિ સંચાલિત શ્રી માધવ ગૌશાળાના અધ્યક્ષ આશિષ સુર્યવંશી એ વધુમાં જણાવેલ કે, રકતદાન શિબિરમાં સુરતના પોલીસ કમિશ્નર શ્રી ગહેલોત સાહેબ રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા અને ગૌશાળાની મુલાકાત માટે ઉપસ્થિત રહ્યા હતા. સુરત પોલીસ કમિશ્નર સાહેબે ગૌશાળાના સેવાકીય કાર્યને અને તમામ ગૌસેવકોનું ખરા મનથી સુંદર કાર્ય બદલ આભાર પ્રગટ કરેલ. સાંસ્કૃતિક રક્ષા સમિતિ સંચાલિત શ્રી માધવ ગૌશાળામાં દિવ્યાંગ બીમાર ગૌસેવકોની સેવા કાર્ય કરવામાં આવે છે જે ગૌશાળા ખાતે ૧૦૩૪ રક્તદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવેલ. તમામ રક્તદાતાઓનું તુલસી માતા ના છોડ આપી સ્વાગત કરવામાં આવેલ તેમજ ઉપસ્થિત તમામ મહેમાનોને ઈર્દ્ઘ્ર્ઢ્ઢ્રિજ અભિયાન હેઠળ વ્યસન મુક્તિ નો સંદેશ આપવામાં આવેલ. તેમજ તમામ રક્તદાતાઓએ શ્રાવણ માસ નિમિત્તે ગૌશાળા ખાતેના સોમેશ્વર મહાદેવ મંદિરમાં શિવજીના દર્શન કર્યા હતા. શહેરના તમામ વિસ્તારથી ગૌશાળા ખાતેના કેમ્પમાં રક્તદાતાઓ તેમજ અનેકો મહિલા રક્તદાતાઓએ રક્તદાન કરેલ.

# નગર પ્રા. શાળામાં શહીદ પરિવારનું સમર્પણભાવથી અભિવાદન કરાયું

## વિદ્યાર્થીઓ એકત્ર કરેલી ધનરાશી જય જવાન નાગરિક સમિતિને અર્પણ



સુરત, તા.૨૮

જય જવાન નાગરિક સમિતિ - સુરત દ્વારા દર વર્ષે શહીદ પરિવારોનું સમર્પણભાવથી અભિવાદન કરીને કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવે છે, તે અંતર્ગત છેલ્લાં ઘણાં વર્ષોથી શહીદ પરિવારજનોનું સન્માન કરવાનો અવસર મહારાણા પ્રતાપ પ્રા. શા. ક્ર.- ૨૭૨ અને ઈશ્વર પેટલીકર કન્યા શા.ક્ર. ૧૬ પરિવારને મળે છે. આ વર્ષે ઓપરેશન સિંદૂર દરમિયાન અપ્રતિમ વીરતા દાખવીને પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર રામબાબુ રામવિચારસિંહના પરિવારજનોને અભિવાદિત કરવાનો અવસર શાળા પરિવારને મળ્યો હતો. વીર સિપાહી રામબાબુના સસરા સુભાષચંદ્ર શર્મા અને સાસુ રીતાદેવી શર્માનું અભિવાદન શ્રી મિતેશભાઈ પ્રજાપતિ (આચાર્યશ્રી, શા.ક્ર. ૨૭૨), શ્રીમતી વૈશાલીબહેન સુતરિયા (આચાર્યાશ્રી શા.ક્ર. ૧૬), તેમજ જય જવાન નાગરિક સમિતિના સભ્યો શ્રી રમેશભાઈ વાઘાણી, શ્રી વાઘજીભાઈ સભાડિયા, શ્રી પ્રવીણભાઈ ધડુક, શ્રી પ્રકાશભાઈ સભાડિયા, શ્રી બાબુભાઈ ગોંડલિયાએ અને વિદ્યાર્થિનીઓએ કર્યું હતું.

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના ખીલે તેવા ભાવ સાથે યોજાતા આ કાર્યક્રમમાં વીર શહીદનો વીડિયો દર્શાવવામાં આવ્યો હતો. શ્રી સુભાષચંદ્ર શર્માએ સન્માન બદલ

અનુસંધાન પાના ૭ પર

# નરથાણગામે શ્રાવણ માસ નિમિતે એક માસની ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન

## અર્જુનના રોકાણથી આ વિસ્તારનું નામ તે સમયે નરસ્થાન હતું

સુરત, તા.૨૮

હાલમાં શ્રાવણ માસ મહિનો ચાલી રહ્યો ત્યારે શિવ ઉપાસકોમાં અનોખી શિવ ભક્તિ જોવા મળે છે આખો શ્રાવણ માસ શિવની આરાધનામાં લીન બની ગયેલા જોવા મળે છે અને અખંડ ધૂન ભજન સહિતના જ્ઞાન સપ્તાહ જેવા કાર્યક્રમો યોજાય રહ્યા છે. ત્યારે આવી અનોખી ભકતી ઓલપાડ તાલુકાના નરથાણગામે આવેલ દરભેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષીને એક માસની ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન છેલ્લા ૧૦ વર્ષથી સમસ્ત નરથાણ ગ્રામજનો મંદિર ટ્રસ્ટી ગણ તથા યુવા સંગઠન દ્વારા યોજવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ નરથાણ ગ્રામજનો દ્વારા ૧૧ માં વર્ષે શ્રાવણ માસ નિમિતે શ્રાવણ માસનો પ્રારભથી આજદિન સુધી અવિરત પણે ઓમ નમ:શિવાયની અખંડ ધૂન ચાલી રહી છે જે આખો શ્રાવણ માસ સુધી ચાલશે.



### મહાભારતકાળથી મંદિરનું અસ્તિત્વ હોવાની વાયકા

જે મંદિરમાં ધૂન ગવાઈ રહી છે તે શ્રી દરભેશ્વર મહાદેવ મંદિર પાંડવકાળથી આ મંદિરનું અસ્તિત્વ છે તે નરથાણ ગામનો ઐતિહાસિક પ્રાચીન મંદિરની ઉત્પત્તિ અને તેનો મહિમા કહેવાય છે કે મહાભારત યુગમાં પાંડવો અજ્ઞાતવાસ દરમિયાન દર્ભાવતી નદીના કિનારેથી પસાર થતાં હતા ત્યારે અર્જુને અહી શિવ પૂજા કરી હતી અને ભગવાન શ્રી કૃષ્ણ એ અર્જુનના નિયમ પ્રમાણે શિવલિંગની પૂજા કરવા માટે કૃષ્ણ ભગવાને દરભની શળીથી દરભેશ્વર દર્ભાવતી નદી અને દરભેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી.છેલ્લા ૧૧ વર્ષ શ્રાવણ માસ નિમિત્તે અખંડ ધૂન અવિરત ચાલું રહે છે.

ઓલપાડ તાલુકાના નરથાણ ગામે આવેલ દરભેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસ નિમિતે ગ્રામજનો દ્વારા શ્રાવણ માસનો એક આખો માસની ઓમ નમઃ શિવાયની અખંડ ધૂનનું આયોજન કરવા આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાઈ શ્રદ્ધા સાથે

અનુસંધાન પાના ૭ પર



# ખોલવડમાં ભૂતડા દાદાના નામે ઢોંગ કરતા ભૂવાનો પર્દાફાશ

## વિજ્ઞાન જાથાએ કાયદાનો પરચો દેખાડતા ભુવા ઉમેશ ઉર્ફે ગોપાલે માફી માંગી ધતીંગ બંધ કરી દીધું

સુરત, તા.૨૮

સુરતમાં ભુવાનો ભાંડાફોડ. જામજોધપુર તાલુકા ના સોનવડીયા ગામની યુવતીને ભ્રમ માં નાખતા લગ્નસંસારમાં ભુવા એ આગચાપી. માણાવદર તાલુકાના નાન ડીયા ગામના યુવક વ્રજલાલ ગોવિંદ જશાણીએ પોતાની આપવીતિ વિજ્ઞાન જાથાને જણાવતા જાથા એ પર્દાફાશ થયો.પીડીત દુઃખી મહિલાઓને ભુવો પોતે સંસ્થા ચલાવતો હોવાની વાત કરી મજબૂરને ફસાવતો તપાસ કરતા ભુવો આવી એક પણ મહિલા સંસ્થા ચલાવતો ન હતો. તેને કબુલાત આપી માફી માગી લીધી. તેનું વિકૃત માનસ છતું થયું. ભુવાની કામરેજ પોલીસ સ્ટેશનને અટકાયત કરી વિશેષ પૂછપરછ હાથ ધરી છે.ઓપેરા પ્રિન્સ ના રહેવાસીઓ મોટી સંખ્યામાં જાથા ની કાર્ય દરમિયાન ઉમટી પડ્યા અને સહયોગ જાહેર કર્યો. પીડિત મહિલાએ પોતાના મા બાપ ભાઈ બહેન વિગેરેનો સાથ છોડી દીધો અને હોવાના કહેવા પ્રમાણે ભુવાના ફ્લેટની નીચે રહેવા આવી ગઈ. અતિ કરુણ દ્રશ્ય મહિલાના ઘરમાં વિજ્ઞાન જાથાએ નજરે જોયું. ભુવા ગોપાલ દાદાથી પીડિત

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ માટે મોટો સ્કોપ છે : રમેશ લોહીયા

## ટેક્ષ્ટાઇલ વીકના ચોથા દિવસે 'સુરતમાં ગારમેન્ટનું ભવિષ્ય' વિષે માર્ગદર્શન

સુરત, તા.૨૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી આયોજિત ટેક્ષ્ટાઈલ વીકના ચોથા દિવસે ગુરૂવાર, તા. ૨૪ જુલાઇના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા સુરત ખાતે 'સુરતમાં ગારમેન્ટનું ભવિષ્ય' વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં ગિન્ની ગૃપના ડિરેકટર શ્રી રમેશ લોહિયાએ મહેમાન તરીકે સ્થાન શોભાવી ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે વઝિર એડવાઈઝર્સના કો—ફાઉન્ડર એન્ડ જોઈન્ટ મેનેજિંગ ડિરેકટર શ્રી પ્રશાંત અગ્રવાલ અને ડિરેકટર ઓપરેશન્સ શ્રી સુરેન્દ્ર જૈને ઉદ્યોગ સાહસિકોએ સુરતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીના ભવિષ્ય વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ભારતમાં જ નહી પણ વિશ્વભરમાં બદલાતી માર્કેટ ડિમાન્ડ, નવો યુવા વર્ગ અને ડિજિટલ પ્લેટફોર્મ્સના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને ગારમેન્ટ ઉદ્યોગ માટે વિશાળ સંભાવનાઓ ઊભી થઈ રહી છે. સુરત ગારમેન્ટ બનાવવાની દિશામાં આગળ વધવાની તાકાત ધરાવે છે, આથી તેમણે ઉદ્યોગકારોને સ્થાનિક સ્તરે વેલ્યુ એડિશન, બ્રાન્ડિંગ અને ઈનોવેશનમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે કહયું

અનુસંધાન પાના ૭ પર



# તેલુગુ લોક દ્વારા બોનાલા પંડુગાની શાભાયાત્રા

## શોભાયાત્રામાં ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, સંદીપભાઈ દેસાઈ પણ જોડાયા

સુરત, તા.૨૮

સુરતમાં વિવિધ વિસ્તારમાં રહેતા તેલગુ લોકો તેલંગાના રાજ્યમાં ઉજવતા વિવિધ તહેવારો હોય છે.આજની પેઢીને આપની સંસ્કૃતિ અને પરંપરાઓ થી પરિચિત કરાવવા માટે આપના ખાસ તહેવારો હોય છે. તેમાંથી એક છે "બોનાલા પંડુગા" આ તહેવારને તેલંગાના માં રહેલા દરેક ગામમાં તેમજ હૈદરાબાદ અને સિકંદરાબાદમાં ખૂબ જ ધૂમધામથી ઉજવતા હોય છે, આખું ગામને સારી રીતે જોઈએ તે માતાને અનેક નામો છે તેમાં પોચમ્મા, મૃત્યાલમ્માં ,રેણુકા એલમ્મા, મૈસમ્મા, મારમ્મા અને મહાકાલમ્મા,આ "બોનાલા પંડુગા" તહેવાર માતાનો તહેવાર છે,સુરતની વિવિધ પ્રાંતોમાં રહેતા તેલગુ બહેનો પરંપરાગત રીતે સજાવટ કરી શોભાયાત્રા થકી સહજાનંદ સોસાયટી ગોડાદરામાં નર્મદા અંબે માતાના મંદિર ના પ્રાંગણમાં ભેગા થઈ સહજાનંદ ચાર રસ્તાથી શ્રીજી નગર રત્નપ્રભા આસ્તિક નગર બાલાજી નગર થઈને ગુજરાત હાઉસિંગ બોર્ડ ભાગ્યનગર આશાપુરી ગોડાદરામાં

અનુસંધાન પાના ૭ પર



# શારદાયતન શાળાના વિદ્યાર્થીઓ ભાઠા સ્થિત વૃદ્ધાશ્રમની મુલાકાતે

સુરત, તા.૨૮

પિપલોદ ખાતે આવેલી શારદાયતન શાળાના ધોરણ સાતના વિદ્યાર્થીઓ માટે વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. તા. ૨૬ ૭ ૨૦૨૫ અને શનિવારના શ્રાવણ મહિનાના પહેલા શનિવાર નો દિવસે ધોરણ સાત ના વિદ્યાર્થીઓ માટે શ્રી પ્રાણજીવન ભગત સંચાલિત વૃદ્ધાશ્રમ, ભાથા ની મુલાકાત કરવામાં આવી .ત્યાં વિદ્યાર્થીઓ , શિક્ષકો અને વાલીઓ દ્વારા દાદા અને દાદી માટે ભેટ આપવામાં આવી હતી, અને એ લોકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુની જરૂર હતી તો એ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સાથે ભજન, ગરબા અને રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે શાળાના ટ્રસ્ટશ્રી હેમંતભાઈ પટેલ દ્વારા પણ દાન આપવામાં આવ્યુ હતુ, અને શ્રાવણ મહિનાના આ શનિવારને પવિત્રમય માની ચારધામની યાત્રાનો અનુભવ અમારી શારદાયતન શાળાના વિદ્યાર્થીઓને અને શિક્ષકોને થયો હતો.



# પ્રેસિડન્સી સ્કૂલમાં 'કારગિલ વિજય દિવસ'ની ઊજવણી

સુરત, તા.૨૮

તારીખ ૨૬ જુલાઈ 'કારગિલ વિજય દિવસ' નિમિત્તે પ્રેસિડન્સી સ્કૂલમાં એક શહીદ પરિવારને આમંત્રણ આપી તેઓનું ભાવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને સમગ્ર પ્રેસિડન્સી પરિવાર ઉત્સાહપૂર્ણ રીતે જોડાયા હતા. શહીદ સન્માનની પરંપરાગત પ્રણાલિમાં કાર્યરત 'જય જવાન નાગરિક સમિતિ' આયોજિત કાર્યક્રમમાં જોડાઈને પ્રતિવર્ષ પ્રેસિડન્સી પરિવાર તરફથી કરવામાં આવતી ઈજ. ૫૧,૦૦૦/- ની રકમની સહાય અંતર્ગત હરિયાણાના ઝજ્જર જિલ્લાના ડાવલા ગામના ૩૦ વર્ષિય શહીદ કરણસિંહ પોરબંદર ખાતે હેલિકોપ્ટર ક્રેશની બચાવ કામગીરીમાં મિશન વ્હાઈટ દ્વારા સક્રિય ફરજ દરમ્યાન શહીદ થયા હતા. તેમના માતા-પિતા, તેમના પત્ની, બે બાળકો, તેમના ભાઈ અને સાળાને આમંત્રણ આપી તેઓનું ભાવપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓને રૂપિયા ૨૧,૦૦૦/- ની રકમનો ચેક, તેમની માતા માટે ૫ સાડી, તેમની પત્ની માટે ૫ ડ્રેસ અને ૩ સાડી, બે બાળકો માટે ૫-૫ જોડી કપડાં, ભાઈ માટે પાંચ જોડી શટ'ગ-સુટીંગ અને સાળાને શર્ટિંગ-સુટીંગની ભેટ આપી હતી. શહીદોના સન્માન દ્વારા વર્તમાન પેઢીને આઝાદીનું મૂલ્ય, શહીદોના દેશદાઝ તથા બલિદાનની વાસ્તવિક વાતો અને તાદૃશ્ય ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓના માનસપટ પર અંકિત કરવાનો ઉમદા પ્રયાસ આવા સંસ્કૃતિસભર કાર્યક્રમો દ્વારા કરવામાં આવે એ આજના સમયની જરૂરિયાત છે. પ્રેસિડન્સી સ્કૂલ દ્વારા

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લા યુવા કોળી સમાજનો દિવ્ય રચના કાર્યક્રમ યોજાયો

## સમાજને સંગઠીત થવાનું આહવાન કરતા મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી પુરુષોત્તમ સોલંકી

સુરત, તા.૨૮

મત્સ્યોદ્યોગ અને પશુપાલન રાજ્યમંત્રીશ્રી પુરુષોત્તમ સોલંકીના અધ્યક્ષસ્થાને બુડિયા સ્થિત રામજીવાડી, સચિન મગદલ્લા હાઈવે ખાતે સુરત જિલ્લા યુવા કોળી સેના દ્વારા નવનિયુક્ત કોળીસેના યુવા સંગઠન માટે દિવ્ય રચના કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, કોઈ પણ સમાજના ઉત્થાન માટે સામાજિક એકતા આગવું પરિબળ છે. જ્યારે સમાજના લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પ્રગતિ કરે છે ત્યારે આખો સમાજ વિકસિત બની નવા યુગનું નિર્માણ કરે છે. તેમણે શિક્ષણનું મહત્વ સમજાવી સમાજમાં દીકરીઓને શિક્ષિત કરવા અને

અનુસંધાન પાના ૭ પર

# શ્રી સ્વામિનારાયણ મંદિર સરથાણામાં પંચદિનાત્મક ચાતુર્માસ કથા સંપન્ન

## કથાનું રસપાન કરી શ્રધ્ધાળુઓ ભક્તિમાં તરબોળ

સુરત, તા.૨૮

સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી પૂજનીય સંતોનાં સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, સરથાણા - સુરતમાં "શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" અંતર્ગત "શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃતસાગર સંસ્કૃત ગ્રંથ"ની પંચદિનાત્મક ચાતુર્માસ કથાનું ભકિતભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા વિરચિત દેવભાષા - સંસ્કૃતમાં "શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર" ગ્રંથની પંચ દિનાત્મક ચાતુર્માસ કથા - શ્રાવણ માસની કથા, જેમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા સાર્વભૌમ નાદવંશીય પરંપરાનાં અનેકવિધ દિવ્ય ચરિત્રો છે. કથાનું રસપાન સંતશિરોમણિ શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામીએ કરાવ્યું હતું. આ પ્રસંગે સંત શિરોમણિ શ્રી

અનુસંધાન પાના ૭ પર

# થાવ અધિકારી શિવ-કૃપાના

અધિકારી થવું એટલે તેને લાયક બનવું, તે પ્રકારની પાત્રતા કેળવવી, જે તે પ્રકારની ઈચ્છિત પરિસ્થિતિ આપમેળે સ્થાપિત થાય તે પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરવી, યોગ્યતા પ્રાપ્ત કરી સ્વીકૃતિ માટે તૈયાર રહેવું. અધિકાર પ્રાપ્ત થાય પછી માગણી કરી શકાય, મેળવવાનો હક પ્રાપ્ત થાય અને જે તે બાબતને સ્વીકારી પણ શકાય. આવો જો કોઈ અધિકાર પ્રાપ્ત કરવાનો હોય તો તે શિવ-કૃપા માટે જ કરવો ઈચ્છનીય છે.

શિવ-કૃપાની પ્રાપ્તિ એમ સરળ નથી. શિવજીની કૃપા માટે અધિકાર પ્રાપ્ત કરવો એ સામાન્ય ઘટના ન હોઈ શકે. જોકે શિવજી ભોલેનાથ હોવાથી કૃપા વરસાવી પણ દે, પરંતુ તે માટે પણ પ્રારંભિક તબક્કાનો પ્રયાસ તો જરૂરી જ છે. કોઈપણ પ્રકારની શરૂઆત વગર અંત પામી ન શકાય. કોઈપણ પ્રકારના ડગલા વગર અંતિમ મુકામ સુધી પહોંચી ન શકાય. કોઈપણ પ્રકારના યજ્ઞ વગેરે ફળની પ્રાપ્તિ સંભવી ન શકે. પ્રયત્ન તો જરૂરી છે, પણ સાથે સાથે સાત્વિક ઈચ્છાશક્તિ અને નીતિ-નિયમોનું પાલન પણ જરૂરી છે. હેતુ શુદ્ધ હોવો જોઈએ, સાધનોમાં પણ શુદ્ધિ હોવી જોઈએ, જે તે ક્રિયા શાસ્ત્રીય ધોરણે સંપન્ન થવી જોઈએ, સ્થાન અને સમય પણ સુયોગ્ય હોવાં જોઈએ અને તે બધા સાથે અધિકારની પ્રાપ્તિ થઈ શકે તે માટે શિવજીની અનુમતિ હોવી જોઈએ.

શિવ-કૃપા માટે અથાક પ્રયત્ન જરૂરી છે. આ માટે બધાં પ્રકારના જ મોહનો ત્યાગ કરવો પડે, નિર્દોષતા અને નિર્મળતા ધારણ કરવી પડે, કોઈપણ પરિસ્થિતિમાં ચલિત થયા વગર, પવન વિનાની સ્થિતિમાં જેમ જ્યોત સ્થિર હોય તેમ ચિત્તને

સ્થિર કરવું પડે, સાચા અર્થમાં સ્થિતપ્રજ્ઞ બનીને રહેવું પડે, દરેક પ્રકારના દ્વંદ્વથી મુક્ત થવું પડે, ક્યાંક કોઈ પણ પ્રકારનો ભેદ ન જોતાં સંસારમાં વ્યાપેલ પ્રભુમય સમરાસતા પર જ ધ્યાન હોવું જોઈએ, માન-અપમાન, શુભ-અશુભ, સત્ય-અસત્ય તથા મુક્તિ-બંધન એ બધાથી જ જાતને અલગ કરવી દેવી પડે, મોહ માયા લોભ મોહનો ત્યાગ કરવો પડે, દ્રષ્ટિને અંદરની તરફ વાળવી પડે, ઈન્દ્રિયો પર નિયંત્રણ સ્થાપવું પડે, મનના વ્યભિચારને રોકવો પડે, વિવેક અને સંયમને મહત્વ આપવું પડે, આધ્યાત્મિકતા માટે જરૂરી અભ્યાસ અને વૈરાગ્યનું મહત્ત્વ સમજવું પડે અને આ બધા સાથે દેહભાવ તથા તેમાં વ્યાપેલ અહંકારને બાજુમાં મૂકી માત્ર પરમમય થવું પડે.

એ સમજી લેવું પડે કે નથી કંઈ મેળવવાનું નથી કંઈ પામવાનું નથી કંઈ ઈચ્છવાનું નથી કંઈ ગુમાવવાનું નથી. કંઈ કરવાનું હોય તો તે ચોક્કસ પ્રકારનો પુરુષાર્થ કરવાનો છે. અનિત્ય પ્રત્યેના બંધનથી મુક્ત થઈ નિત્ય સાથે જોડાવાનું છે. જેનો નાશ થવાનો છે તેનાથી વિમુક્ત થઈ અવિનાશીને સમજવાનો છે, પ્રેયની અપેક્ષાએ શ્રેયની સ્વીકૃતિ કરવાની છે અને આ બધા થકી શિવજીની કૃપાના અધિકારી થવાનું છે. પ્રભુ કૃપાના અધિકારી બનવા તેની મરજી પ્રમાણે જીવવાનું, તેના નિયમોમાં રહેવાનું, તેણે જ્યાં જેવી સ્થિતિમાં મૂક્યા હોય ત્યાં તેવી સ્થિતિમાં પણ ધર્મનો નિભાવ કરવાનો, ક્યાંય ફરિયાદ નહીં ક્યાંય નહીં, માત્ર પૂર્ણ સમર્પિતતાથી શિવજીમાં તલ્લીન થઈ જવાનું.

ચંચળતા ત્યાગવી પડે, વર્તમાનમાં જ જીવવું પડે, ભક્તિ અને જ્ઞાન માટે પ્રયત્નો કરવો પડે, સહજતાથી જે મળે તેમાં સંતુષ્ટ રહેવું પડે, પ્રત્યેક કર્મ માટે જાગ્રતતા કેળવવી પડે, સદા જાગ્રત રહેવું પડે, વ્યવહાર માત્ર વિવેકને આધારિત રાખવો પડે, દરેક પરિસ્થિતિમાં સંયમ જાળવી રાખવો પડે, અસ્તિત્વને સાચા અર્થમાં ઓળખી તેમાં રમણ થવું પડે તથા હરખ અને શોખથી દૂર રહી આઠે પહોર આનંદમાં મસ્ત થઈને રહેવાની શરૂઆત કરવી પડે.

દુન્યવી વ્યવહારમાં પણ કૃપા મેળવવા માટે જે તે વ્યક્તિની અપેક્ષા મુજબ પોતાની જાતને સ્થાપિત કરવી પડે. સામેવાળી વ્યક્તિના આદર્શોને અનુસરવા પડે—તેની વિચારધારા પ્રમાણે આપણી વિચારધારા ધીમે ધીમે ગોઠવવી પડે. તે વ્યક્તિ આપણા તરફથી જે કાર્યની અને જે પ્રકારની અપેક્ષા રાખે તે પૂરી કરવાનો પૂરેપૂરો ઈમાનદારીથી પ્રયત્ન આપણાં તરફથી થવો જોઈએ. કોઈપણ વ્યક્તિની કૃપા—તેના આશીર્વાદ ત્યારે જ મળી શકે જ્યારે આપણે આપણી જાતને એ વ્યક્તિના એક ભાગ તરીકે જોતાં અને તે જ રીતના વર્તતાં થઈએ. આ એક કઠિન તથા ઊંચા સ્તરની વાત થઈ. પૂર્ણ કૃપા માટે તો પોતાના અસ્તિત્વનો લોપ કરી સામેવાળી વ્યક્તિ માટે જ આ જીવન આપણે જીવતા હોઈએ તેવું સ્થાપિત કરવું પડે. હવે જો એક માનવીની કૃપા માટે આટલા બધા પ્રયત્નો કરવા પડતા હોય તો શિવજીની કૃપા પામવા માટે તો શું શું ન કરવું પડે. છતાં પણ શિવજી ભોલેનાથ છે તેનો ફાયદો તો મળે જ.

શિવ-કૃપાનો અધિકાર

તો રાવણે પણ પ્રાપ્ત કરેલો. એ સિવાય પણ કેટલાક દાનવોએ શિવજીની કૃપા પ્રાપ્ત કરી હતી. પણ તેનું પરિણામ તે વ્યક્તિ/દાનવ માટે, સમાજ માટે અને આધ્યાત્મિક વિશ્વની સંરચના માટે નકારાત્મક રહ્યું. માત્ર કૃપા અગત્યની નથી તેની માટે લાયકાત પણ જરૂરી છે નહીંતર તો પરિણામ વિધ્વંશક પણ આવી શકે. તેમાં ન તો તે વ્યક્તિનો ઉદ્ધાર થાય, ન સમાજને ફાયદો થાય કે ન આધ્યાત્મિક ક્ષેત્ર માટે કોઈ યોગ્ય ઉદાહરણ સ્થાપિત થાય. સંપૂર્ણતામાં આ એક વિઘટનાત્મક ઘટના બની રહે. સામાન્ય વ્યવહાર માટે પણ કહેવાય છે કેઅધિકાર પ્રાપ્ત કરતા પહેલા લાયકાત કેળવવી પડે. અહીં આ લાયકાત કેળવવાની જ વાત છે.

પૌરાણિક ઈતિહાસ જોતાં જણાશે કે શિવ-કૃપાના અધિકારી થવાનું છે ક્યારેક મુશ્કેલ બની રહે તો ક્યારેક તે સરળ પણ લાગે. અગત્યનું એ છે કે આ પ્રયત્ન સાતત્યપૂર્ણ હોવું જોઈએ. પરિણામ મળશે જ એની ખાતરી શિવજી જ આપે છે.



# શિવ મહિમા- શ્રાવણે શિવ પૂજન

હમણાં અષાઢ પૂરો થશે અને શ્રાવણ માસ બેસી જવાનોપ શ્રાવણ માસ તો શિવ અને શ્રીકૃષ્ણનો માસ. શ્રાવણી નાળિયેરી પૂર્ણિમા-બળેવ-રક્ષાબંધન, બોળચોથ, નાગપાંચમ, રાંધણછઠ, શિતળાસાતમ અને કૃષ્ણજન્માષ્ટમીના લોકમેળાઓમાં લોકસમુદાય આનંદ ઉલ્લાસ વ્યક્ત કરતો હોય. આ સમયે આપણે પણ થોડીક શિવઉપાસના કરી લઈએ.લોકજીવનમાં તો શિવજી ગણપતિના પિતા તરીકે ખૂબ જાણીતા છે. ગણપતિ જન્મના પ્રસંગને વર્ણવતાં અનેક ભજનો મળી આવે છે જેમાં મહાદેવ-પાર્વતીનું ચરિત્ર પણ આલેખાયું હોય છે. તપશ્ચર્યા કરવા જતાં શિવજીએ પાર્વતીને એકલવાયું ન લાગે એટલે પુત્રપ્રાપ્તિ માટેનું વરદાન આપેલું. એ પ્રમાણે ગણપતિનો જન્મ થતાં નારદની યુક્તિથી શિવનો તપોભંગ થયો અને ગણપતિ પોતાનો જ પુત્ર છે એ જાણ્યા પહેલાં તેનો શિરચ્છેદ કર્યો. પાછળથી પસ્તાઈને પોતાનો ગણ મોકલી જે સામે મળે તેનું મસ્તક લાવવા કહ્યું. હાથીનું મસ્તક મળ્યું અને શિવજીએ ગણેશને નવજીવન આપ્યું. પાર્વતીને આવું સ્વરૂપ જોઈને ખેદ થયો પણ મહાદેવે તમામ પ્રસંગોએ પ્રથમ પૂજન ગણેશનું થશે એવું વરદાન આપ્યું. આ કથા ઘણાં ભજનિક સંત-કવિઓ દ્વારા ભજનરૂપે ગવાઈ છે. શિવ એ કલ્યાણકારી દેવતા છે. સંગીતના અધિષ્ઠાતા પણ મનાય છે.મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં શિવવિષયક જે રચનાઓ મળે છે તેમાં શિવસ્વરોદયશાસ્ત્ર, શિવગીતા, શિવરહસ્ય, શિવમહાત્મ્ય વગેરે ચિંતનાત્મક કે સાધનાત્મક કૃતિઓ ઉપરાંત શિવપુરાણ, શિવવિવાહ, શિવભીલડી સંવાદ, મૃગી આખ્યાન, ગૌરીચરિત્ર વગેરે કથાત્મક રચનાઓ પણ એટલી જ મહત્ત્વની છે. સંવાદ, આખ્યાન, ધોળ, આરતી, સ્તવન, ભજન, સ્તોત્ર, ધૂન વગેરે પ્રકારોમાં ભગવાન સદાશિવને વિષય તરીકે સ્વીકારી સર્જન થયા કર્યું છે. ભજનવાણીના વિશાળ સમંદરમાંથી જુદાં જુદાં શિવસ્વરૂપોનાં અનેક સ્તવનો મળી આવે છે. એની સાથોસાથ ચાલી આવે છે લોક્કવિતા. લોક્સાહિત્યમાં પણ શિવવિષયક અનેક રચનાઓ (જેમાં કથાત્મક પણ છે અને સ્તુત્યાત્મક પણ છે) મળી આવે છે. બિલેશ્વર મહાદેવની પ્રાર્થના કરતું એક ગીત છે.

હાં રે શિવ ભોળા બિલેસર ભોળા
હાં રે તમને ચડે ભભૂતિના ગોળા..બિલેસર ભોળાપ
હાં રે શિવ વંકા બિલસર વંકા
હાં રે તારા નવખંડમાં વાગે ડંકાપબિલેસર ભોળાપ
હાં રે તારી જાતરાયે કોણ કોણ આવે,
હાં રે તારી જાતરાયે ઈન્દ્રરાજ આવે,
હાં રે ઈતો સોનાના નાગલા ચડાવેપબિલેસર ભોળાપ

લોકસાહિત્યમાં મળતા પૌરાણિક વિષયનાં કથાગીતોમાં શિવવિવાહ તથા ગણપતિ-જન્મના પ્રસંગો આલેખાયા હોય એવી અનેક રચનાઓ સાંપડે છે. એક ભીમનાથ મહદેવની ઉત્પતિ વિશેનો રાસડો લઈએ:નમું ગણપતિને પાય, નમું ગણપતિને પાય

ભોળા ભીમનાથને ચરણે નમું રે લોલપ
અરજુન પૂછે ભોળા ભીમ, અરજુન પૂછે ભોળા ભીમ
તમે સેવા કોની કરી રે લોલ

શ્રાવણ માસમાં તો નારીઓના કંઠે અનેક શિવવિષયક લોકગીતો સાંભળવા મળે છે :

મારા ભોળા મહાદેવ,હોંશિલાને કાજ મેં તો ભાંગ વાવી છે.
ભાંગ વાવી ભોળાનાથે, નીંદે છે ગણેશ
પારવતીજી પાણી વાળે છૂટાં મેલી કેશપ
ભોળા ભોળા શિવજી તમને વિશ્વ વખાણે,
તમારી કળા તો શિવજી કોઈ નવ જાણે રેપ
શિવના મંદિરિયે સૌ પ્રેમે પ્રેમે ભક્તો આવો રે,
જય શિવ શંકર શંકર કહીને મંખથી ધૂન મચાવો રેપ

ચારણો તો શિવ-શક્તિના ઉપાસકો. એમની રચનાઓમાં ચારણીસાહિત્યમાં પણ શિવસ્તુતિના અનેક છંદો મળે છે.

# હિમાલય અને ગંગા પર તોળાતા કિરણોત્સર્ગી જોખમની અવગણના



ઓસ્ટ્રેલિયામાં અત્યારે ૬ એમએમ બાય ૮ એમએમ એટલે કે એક સિક્કાના કદની કૅપ્સુલ માટે દેશભરમાં શોધખોળ ચાલી રહી છે. એક-બે નહીં અનેક એજન્સીઓ આમાં જોતરાઈ ગઈ છે. એવું તે શું છે આ કૅપ્સુલમાં? આ સ્યુ ટચુકડી કેપ્સુલ રેડિયોએક્ટિવ છે. ૧૪૦૦ કિ.મી.ના પ્રવાસમાં આ કૅપ્સુલ ક્યાંક ગાયબ થઈ ગઈ. ક્યાંક પડી ગઈ કે (જે શક્યતા નહિવત છે) ચોરાઈ ગઈ? આ સવાલોને મહત્ત્વ આપવાને બદલે એને પાછી મેળવવા પર જોર અપાઈ રહ્યું છે. આ કેપ્સુલમાં ઈફયતશીળ-૧૩૭ છે. આ પદાર્થની વિશિષ્ટતાને લીધે એ ૩૦૦ વર્ષ સુધી કિરણોત્સર્ગી રીતે સક્રિય રહી શકે. આ કૅપ્સુલ દેખાય તો એનાથી કેટલું અંતર રાખવું, શું કરવું, શું ન કરવું જેવી અનેક સૂચનાઓ નાગરિકોને અપાઈ રહી છે.

આવું ભારતમાં થયું હોય તો? સરકારી સક્રિયતા, પ્રતિભાવ અને પારદર્શકતા કેટલી અને કેવી હોય? કલ્પના શક્તિમાં સરી પડવાને બદલે દાયકાઓથી ટીક, ટીક કરતા અત્યંત જોખમી 'ઓપરેશન હંટ' વિશે જાણીએ. ૧૯૬૨માં ચીન સામેનું યુદ્ધ હારીને ભારતનો રઘવાટ સમજી શકાય. એ સમયે અમેરિકા સોવિયેત સંઘનું શીત યુદ્ધ પરાકાષ્ઠાએ હતું. એમાં ૧૯૬૪માં ચીને પહેલોવહેલો અણુ પ્રયોગ કર્યો. સામ્યવાદી ચીન સોવિયેત સંઘની પંગતમાં બેસી જાય કે વધુ શક્તિશાળી બને એનો અમેરિકાને ફફડાટ થાય. આથી અમેરિકાએ ભારતના સાથ-સહકારથી 'ઓપરેશન હંટ' હાથ ધર્યું. ૧૯૬૫માં ચીનની પ્રવૃતિ પર નજર રાખવા માટે વિશ્રૃવના સૌથી ઊંચા શિખરોમાંના એક પર અણુ સંચાલિત નિરીક્ષણ સાધન ગોઠવવાનો નિર્ણય લેવાયો. આ ન્યુક્લિયર ડિવાઈસ લઈ જવા માટે બન્ને દેશના ૧૪ શ્રેષ્ઠ પર્વતારોહકોની પસંદગી થઈ. ભારતીય ટીમમાં કેપ્ટન મોહનસિંહ કોહલી, જી. એસ. ભાંગુ, એમ. સી. એસ. રાવત અને સોમન વાંગ્યાલ હતા, તો અમેરિકા વતી ડૉ. રોબર્ટ સ્કેલર, જીમ મેકાર્થી અને ટોમ ફ્રોસ્ટ સહિતના સભ્યો હતા.ન્યુક્લિયર ડિવાઈસ મૂકવા માટે ભારતના નંદાદેવી પર્વત પર પસંદગીનો કળશ ઢોળાયો હતો. આ ડિવાઈસમાં પાંચ કિલો પ્લુટોનિયમ (નાગાસાકી પર ફેંકાયેલા બૉમ્બ કરતાં એક કિલો ઓછું હતું. આ પ્લુટોનિયમ ૯૦૦) (હા, નવ સો વર્ષ) સક્રિય રહી શકે. અદમ્ય સાહસ અને જોખમને સથવારે ૧૯૬૫ના ઑક્ટોબરમાં ઋષિગંગા થઈને ટીમ નંદાદેવીના કેમ્પ ત્રણ સુધી પહોંચી. અંતિમ કેમ્પ સુધી પહોંચવા અગાઉ બરફનું એવું તોફાન શરૂ થયું કે ન પૂછો વાત. અંતે મિશન પડતું મૂકવું પડ્યું. ન્યુક્લિયર ડિવાઈસને એક મોટી શીલા પાસે સંતાડીને સૌ પાછા ફર્યા. પરંતુ બીજા વર્ષે પાછા ગયા ત્યારે ન્યુક્લિયર ડિવાઈસ ત્યાં નહોતું. કોઈ લઈ જાય એવી શક્યતા તો નહોતી જ. બરફના તોફાનમાં આગળ ધકેલાઈ ગયું કે ક્યાંક બરફના આવરણ હેઠળ છુપાઈ ગયાનું માની લેવાયું.હવે શું કરવું? ૧૯૬૬ બાદ ઘણીવાર ન્યુક્લિયર ડિવાઈસ શોધવા ટીમ ગઈ જેમાં કેપ્ટન મોહન સિંહ કોહલી સામેલ હતા પરંતુ આ જોખમી ડિવાઈસ ન મળ્યું તે ન જ મળ્યું. આ ડિવાઈસમાં પ્લુટોનિયમ-૨૩૮ હતું. જે લગભગ ૯૦ વર્ષ સક્રિય રહી શકે છે. નંદાદેવીની બરાબર નીચેથી ઋષિગંગા નદી વહે છે એટલે ગંગા પર જોખમ છે. એ સમયે અમેરિકાએ એરઝાસ્ટ અને ન્યુક્લિયર એક્સપર્ટ મોકલ્યા પણ એ ન્યુક્લિયર ડિવાઈસ ન મળ્યું તે ન જ મળ્યું.૨૦૨૧ની સાતમી ફેબ્રુઆરીનો — ૨૦૦થી વધુ માનવીના જીવનનો આખરી દિવસ બની ગયો કારણ કે ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના તપોવન વિસ્તારનું રૈની ગામ હિમપ્રપાતનો ભોગ બન્યું હતું ત્યારે ગામના બચી ગયેલા પીડિતોએ આ કલાઉડ બર્સ્ટ માટે ૧૯૬૫માં ખોવાઈ ગયેલા પરમાણુ ઉપકરણમાંથી થયેલા કિરણોત્સર્ગનો દોષ કાઢ્યો હતો. એ વખતે ધસી પડતા બરફ અને કાટમાળ સાથે ભયંકર તીવ્ર દુર્ગંધ આવતી હતી. આથી ગ્રામજનો પરમાણુ ઉપકરણથી ફફડતા હતા.

આ ઉપકરણમાં પ્લુટોનિયમ લોડ કરનારા જીમ મેકાર્થીને અંડકોષનું કેન્સર થયું હતું. આ ડિવાઈસ લઈ જનારા કુલીઓના કેન્સરથી મોત થયાં હતાં. આને સત્તાવાર સમર્થન ન મળ્યાં પણ એ કિરણોત્સર્ગથી થયાની શક્યતા તો વ્યક્ત થઈ જ છે. નંદાદેવી પરના પાણી અને કદડાની એકથી વધુ અમેરિકન લેબોરેટરીમાં ચકાસણી થઈ હતી





# વરસાદનું પિયર એટલે મોસિનરામ ગામ

કોઈ શહેર નાનું કે મોટું હોય તે જગ્યાની પોતાની એક ઓળખ અને વિશેષતા હોય છે જે બીજી જગ્યાઓથી અલગ હોય છે. ભારતની લોકપ્રિય જગ્યાઓને શોધીને તમારા સુધી પહોંચાડીયે છીએ. ચાલો આજે જાણીયે વાદળો અને વરસાદનું પિયર એટલે કે મૉસિનરામ ગામ.

દોઢ દાયકા પહેલાના લોકોના જનરલ નોલેજના હિસાબે ચેરાપૂંજી એ એવી જગ્યા છે જ્યાં સૌથી વધારે વરસાદ પડતો હતો. જો આજે પણ તેઓને પૂછવામાં આવે કે સૌથી વધારે વરસાદ ક્યાં પડે છે તો તેઓ એક પણ ક્ષણ વિચાર્યા વગર ચેરાપૂંજીનું જ નામ આપશે, પરંતુ જે લોકોએ છેલ્લા એક દાયકામાં પોતાનું જનરલ નોલેજ અપડેટ કર્યું છે તેઓ ચેરાપૂંજીની બદલે મૉસિનરામ ગામનું નામ લેશે. આમ જોઈએ તો બન્ને ગામની વચ્ચે અંતર ખૂબ જ ઓછુ છે. આ બન્ને જગ્યાઓ મેઘાલયમાં આવેલી છે, પરંતુ મૉસિનરામ ગામ એ સૌથી વધુ વરસાદવાળી જગ્યાઓનો બાદશાહ બની ગયો છે.

ગિનીઝ બુક ઓફ વર્લ્ડરેકોર્ડમાં મૉસિનરામ ગામનું નામ સૌથી વધુ વરસાદવાળી જગ્યામાં નોંધવામાં આવ્યું છે. અહીં આખા વર્ષમાં લગભગ ૬ થી ૮ મહિના સુધી લગભગ રોજ વરસાદ પડે છે અને દેશના બાકીના ભાગ કરતા લગભગ ૧૦ ગણો વધારે વરસાદ થાય છે. એક વર્ષમાં લગભગ ૧૧,૮૭૧ મિલીમિટર. દુનિયામાં આટલો વધારે વરસાદ માત્ર આ જગ્યાએ જ પડે છે.

મૉસિનરામ આ દાવાને ચુનોતી આપવા થોડા વર્ષો પહેલા કંબોડિયાના એક શહેર યૂરોને એવો દાવો કર્યો હતો કે, તેમને ત્યાં વર્ષમાં ૧૨,૭૧૭ મિલીમિટર વરસાદ પડે છે. આ બાબતે જ્યારે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે સંશોધનો કર્યા ત્યારે આ બાબતને નકારવામાં આવી હતી. એમ કહી શકાય કે, મૉસિનરામ ગામ દુનિયામાં સૌથી ભીની જગ્યા છે. અહીં વેટેસ્ટ પ્લેસ ઓફ અર્થ 'નું સાઈન બોર્ડ પણ છે. સાલ ૧૯૭૩ થી ૨૦૧૯ની વચ્ચે મોસમ વિજ્ઞાનના ડેટા અનુસાર ચેરાપૂંજીમાં મૉસિનરામ કરતા ૦.૪૨ મિલીમિટર વરસાદ ઓછો થયો હતો. આ કારણે જ સૌથી વધારે વરસાદ પડવાનો તાજ જે ચેરાપૂંજીના માથે હતો તે હવે મૉસિનરામ નામક ગામને માથે સજે છે.

આના હિસાબે દેશ વિદેશના અનેક પર્યટકો અહીં ફરવા આવે છે જેથી તેઓની આવક વધી છે. પહાડો પર હોવા છતાં સૌથી વધારે વરસાદ પડવાના કારણે મૉસિનરાવ ગામની એક પણ દુકાન ખુલ્લામાં હોતી નથી. મૉસિનરાવમાં થતો પુષ્કળ વરસાદ પર્યટકો માટે એક રોમાંચક અનુભવ પરંતુ ત્યાંના રહેવાસીઓ માટે એક બહુ મોટી સમસ્યા છે. લગભગ ૬ થી ૮ મહિના વરસાદ પડવાને કારણે અહીં કોઈપણ જાતની ખેતી થઈ નથી શકતી. જ્યારે વરસાદ ન પડે ત્યારે જે ખેતી કરવામાં આવે તે જ આખું વર્ષ ચલાવવી પડે છે. અહીં મોટાભાગની ખાવા પીવાની વસ્તુઓનો ખૂબ જ અભાવ હોવાથી શિલાંગથી આવે છે.

મૉસિનરામમાં નાની વસ્તુઓ જેમ કે, નમકીન અને બિસ્કિટ ખૂબ જ મોટી વસ્તુ છે કારણકે આવી વસ્તુઓ પણ અહીં ખૂબ જ મુશ્કેલીથી મળે છે. મૉસિનરામમાં લોકોને સુતરાવ કપડા પહેરવાના ફાયદા ખબર હોવા છતાં તેઓ પહેરી નથી શકતા કારણકે, સુતરાવ કપડાં મહિનાઓ સુધી સુકાતા નથી. અહીં લોકો ખાસ કરીને સિંથેટીક કપડાં પહેરે છે અને

કપડાં સુકવવા માટે ડ્રાયરનો ઉપયોગ કરે છે. આ સાથે આ ગામની થોડી વિશેષતા પણ છે જેમકે, અહીં પાણીમાં ઊગવાવાળા પાંદડાવાળા શાકભાજી ખૂબ મળે છે. પાણી ભરપૂર હોવાને કારણે અહીં માછલીઓનું પ્રમાણ વધુ છે. અહીંના લોકો મોટેભાગે સાંજે લાલ ચા અને એક ખાસ પકારનો પુલાવ ખાય છે જેને શોહરા પુલાવ કહેવામાં આવે છે.

સવાલ એ છે કે, મોસિનરામમાં દુનિયાનો સૌથી વધારે વરસાદ કઈ રીતે પડે છે? ગામની ભૌગોલિક સ્થિતિને કારણે અહીં મે થી સપ્ટેંબરમાં વરસાદ પડે છે. શિલોંગથી લગભગ ૬૦ થી ૬૫ કિલોમીટર દૂર ઉત્તર પૂર્વ દિશામાં પહાડોની વચ્ચે વસેલું આ ગામ પોતાની વિશેષ સ્થિતિને કારણે દક્ષિણ, પશ્ચિમ વરસાદના હિસાબે વરસાદનું પિયર બની જાય છે. ૧૪૯૧ મીટર ઊંચા પહાડોને કારણે ભેજવાળા વાદળો વરસાદમાં રૂપાંતર થઈ જાય છે. દેશના બીજા વિસ્તારોમાં જ્યારે વરસાદ પડે છે ત્યારે જનજીવન ખોરવાઈ જાય છે. મૉસિનરામમાં આ સંભવ જ નથી જ્યાં વર્ષના ૬ થી ૮ મહિના વરસાદ પડતો હોય ત્યાં જનજીવન કઈ રીતે અને કેટલું ખોરવાય? કોઈ પણ રીતે અહીંના લોકોનું જીવન વરસાદને કારણે ખોરવાતું નથી.

અહીંના લોકો વરસાદથી બચવા માટે ખાસ કરીને વાંસથી બનેલી છત્રીનો ઉપયોગ કરે છે જેને કનૂપ કહેવાય. કનૂપ માત્ર અહીંની જ નહીં પરંતુ ચેરાપૂંજીની પણ ઓળખ છે. આમાં તેઓનું શરીર કમર સુધી ઢંકાયેલું રહે છે અને તેઓ પોતાના રોજિંદા કામ કરતા રહે છે. આ ગામનું જે નામ છેમૉસિનરામ' એનો પણ એક અર્થ થાય છે. મૉસિનરામમાં એટલે પત્થર અને સિનરામ ધારનું પ્રતીક છે. આ બન્ને શબ્દોનો અર્થ થાય પત્થરોની ધાર. વાસ્તવમાં અહીંના લોકોનું જીવન પત્થરોની ધાર જેવું છે. મૉસિનરામનો મોસમ આખું વર્ષ ઠંડું અને ભેજવાળું હોય છે. તે છતાં આ જગ્યા પોતાની પ્રાકૃતિક સુંદરતા માટે પર્યટકોને આકર્ષિત કરે છે. આ જ કારણોસર શિલોંગ કે ચેરાપૂંજી ફરવા જતા પર્યટકો મૉસિનરામને પણ પોતાના પ્રવાસ આયોજનમાં શામિલ કરે છે કારણકે, આ ભારતના નક્શામાં એક વિશેષ જગ્યા ધરાવે છે.

**અહીંના લોકો વરસાદથી બચવા માટે ખાસ કરીને વાંસથી બનેલી છત્રીનો ઉપયોગ કરે છે જેને કનૂપ કહેવાય. કનૂપ માત્ર અહીંની જ નહીં પરંતુ ચેરાપૂંજીની પણ ઓળખ છે. આમાં તેઓનું શરીર કમર સુધી ઢંકાયેલું રહે છે અને તેઓ પોતાના રોજિંદા કામ કરતા રહે છે.**

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૨૮ જુલાઈ ૨૦૨૫**

# ઓટીટી એપ્સ ઉપરનો પ્રતિબંધ અશ્લીલતાનો અંત નથી

કેન્દ્ર સરકારે એક સાથે ૨૫ 'ઓટીટી એપ' ઉપર પ્રતિબંધ મૂકીને અભદ્ર કહેવાતાં દશ્યો - સંવાદોનાં પ્રસારણ ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. આવી પાબંધીનો વિરોધ ન હોય, કારણ કે અહીં આખરે તો સમાજ પ્રત્યેની, વિશેષતઃ નવી પેઢી માટેની નિસબત જ છે. આપણાં મૂલ્યો કે પરંપરા સામે પડકાર ઊભો કરે અને તેના કરતાં પણ બાળક કે યુવાનો માટે માનસિક પ્રદૂષણનું માધ્યમ બને તેવી સામગ્રી પીરસાય નહીં તેમાં કશું ખોટું નથી, પરંતુ પ્રતિબંધે અટકી જવાથી સમસ્યા આંશિક દૂર થશે. આ વિષય તો બહુઆયામી છે અને સાતત્યપૂર્ણ પ્રયાસો સર્વગ્રાહી રીતે તેમાં આવશ્યક છે. માધ્યમોની સ્વાયત્તતા - અભિવ્યક્તિનો અધિકાર કે સર્જનાત્મક સ્વતંત્રતા એટલે કે 'ક્રિએટિવ લિબર્ટી'નાં ઓઠાં હેઠળ ઘણું બધું ચાલે છે. વ્યક્તિગત આક્ષેપો, કોઈની પ્રતિભાનું ખંડન, કોઈ દિવંગત નેતાઓ વિશેની ગેરસમજ ફેલાવવી કે પછી ઐતિહાસિક તથ્યોને મરડવા એવું ચાલે છે. જો કે, જે ૨૫ 'એપ્લિકેશન્સ' ઉપર પ્રતિબંધ મૂકાયો છે, તે મુખ્યત્વે તો અશ્લીલતાનાં કારણે છે. એકતા કપૂરની 'અલ્ટ બાલાજી', 'મેક્સ પ્લેઅર', 'ઉલ્લી' જેવી ઓટીટી 'એપ્લિકેશન્સ' ઉપર પ્રતિબંધ મૂકતો પરિપત્ર સરકારે ઈન્ટરનેટ સર્વીસ પ્રોવાઈડરને આપ્યો હતો. નાગરિક સંગઠનો, લોકોએ પણ 'ઓટીટી એપ' ઉપર અશ્લીલ સામગ્રીનું પ્રસારણ થતું હોવાની ફરિયાદ કરતાં સરકારે આ આકરું પગલું લીધું હતું. કેન્દ્ર સરકારનું આ વલણ અલબત્ત અયોગ્ય નથી, પરંતુ અહીં અટકવાનું પણ નથી. અશ્લીલતાને ફક્ત અંગ સાથે સંબંધ નથી. તેના અનેક રંગ છે. વધારે પડતાં જાતીય દશ્યો, કામક્રીડાનું ફિલ્માંકન અશ્લીલ ગણાતું હોય તો તેની સાથે બીજું ઘણું એવું છે, જે બાળમાનસ કે યુવાનોની વિચારસરણી ઉપર અસર કરે. જાતીયતા કરતાં પણ વેબસિરીઝ કે એક્શન ફિલ્મોમાં દર્શાવાતી હિંસા વધારે ચિંતાજનક છે. હજી એવી અનેક એપ છે, જ્યાં પ્રસારિત - સ્ટ્રીમ થતી વેબસિરીઝમાં કમકમાટી છૂટી જાય તેવાં હિંસક દશ્યો હોય છે. હત્યા તો ફિલ્મોમાં દાયકાઓથી દર્શાવાય છે, પરંતુ જે ક્રૂરતા, જે બિભત્સતાનું નિદર્શન થાય છે, તે છેલ્લા એક - દોઢ દાયકાની દેણ છે. ફક્ત ત્રી - પુરુષનાં દશ્યો, નગ્તનતા જ અશ્લીલતા નથી. ત્રીનું દમન, દહેજને લીધે પાઘડી જમાઈના પગમાં મૂકતા પિતા એ દશ્યો પણ અશ્લીલતા છે. સિરીઝના વિષયની પસંદગી આપણે ધ્યાને નથી લેતા. કરોડો રૂપિયાનું કૌભાંડ કોઈએ કર્યું હોય, જેને લીધે દેશનાં અર્થતંત્ર અને રાજકીય ક્ષેત્રે ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ હોય તેવી વ્યક્તિને હીરો બનાવીને આપણે સિરીઝનું નિર્માણ કરીએ. તેને દર્શકોનો પણ પ્રતિસાદ મળે. દેશના દરેક પ્રાંતમાં દરેક ક્ષેત્રે કોઈ ને કોઈ મહાન વ્યક્તિએ યોગદાન આપ્યું છે, પરંતુ તેમનું જીવન વેબસિરીઝનો વિષય બને નહીં. સિરીઝમાં જે રસતત્ત્વ, જે જકડી રાખે તેવા તબક્કા જોઈએ તે આ બધાંનાં જીવનમાં પણ છે. ઓટીટી ઉપર પ્રતિબંધ આવે તો ભલે આવે, પરંતુ માણસ માટે વિકલ્પ શું? હવે ઓડિયો - વિઝ્યુઅલ માધ્યમ તરફથી પાછું વળી શકાય તેમ નથી. ફરિયાદ એવી છે કે લોકોનું વાંચન ઘટયું છે, જવાબદાર મોબાઈલ, સોશિયલ મીડિયા છે. તો પછી જે સામગ્રી પુસ્તકોમાં છે, તેનું માધ્યમ હવે આ આધુનિક સાધનો બનવાં જોઈએ. આ સામગ્રી બંધ કરવાની સાથે જ ઉપયોગી સામગ્રી આધુનિક ઉપકરણો દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે તો બેવડું કામ થઈ શકે. હવે જો આ જ મુખ્ય માધ્યમો છે, તો તેનો ઉપયોગ થાય.

અશ્લીલતા ફેલાતી અટકાવવા માટે શાળા, શિક્ષકોની પણ ભૂમિકા છે. શિક્ષકો - અધ્યાપકોનો ક્રીન ટાઈમ પણ ક્લાસરૂમ ટાઈમથી વધારે છે, એવું જ વાલીઓનું છે. સમસ્યાનો ઉકેલ સહિયારા પ્રયાસથી આવશે. સરકાર પ્રતિબંધ મૂકશે, પ્રતિબદ્ધતા તો સમાજે જ દર્શાવવી પડશે.

# મનોમંથન કરે ઈડી

દેશની ટોચની આર્થિક તપાસ એજન્સી એનફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી)ની કામગીરી સામે સતત સવાલ, શંકા અને આરોપ લાગતા રહ્યા છે. એવા સંખ્યાબંધ કિસ્સા છે જ્યાં ન્યાયતંત્રે ઈડીની કાર્યપ્રણાલીની સામે આકરી ટીકા કરી હોય. આવો તાજો કિસ્સો સર્વોચ્ચ અદાલતને છે, જ્યાં કોર્ટે ચેતવણી આપી છે કે, રાજકીય લડાઈ મતદારોની સામે લડવી જોઈએ, તેમાં ઈડી જેવી તપાસ એજન્સીને હાથો બનાવવી જોઈએ નહીં. ઈડીની સામે રાજકીય ભેદભાવ અને વિપક્ષને નિશાન બનાવવાના આરોપો સતત લાગતા રહ્યા છે. આ ઉપરાંત ઈડી તેના કેસમાં ગુનો સાબિત કરવામાં જોઈએ એવી સફળ ન હોવાના મુદ્દે પણ સવાલ ઊભા થતા રહ્યા છે. આમ તો દરેક તપાસનીશ એજન્સીની કાર્યપદ્ધતિમાં કોઈને કોઈ કચાશ હોઈ શકે પણ જે રીતે ઈડીની સામે જે રીતે સવાલ ઊભા થઈ રહ્યા છે તેનાથી તેની છબી ખરા અર્થમાં ખરડાઈ રહી છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પત્નીના જમીન ફાળવણીને લગતા એક કેસમાં સર્વોચ્ચ અદાલતે ઈડીની તપાસ સામે આપેલી ચેતવણી ભારે ચોંકાવનારી છે. આ અગાઉ મદ્રાસ વડી અદાલતે પણ એક સુનાવણીમાં એવી કડક ટીપ્પણી કરી હતીકે ઈડી કાંઈ ડ્રોન નથી કે ગુનો થવાની જાણ થતાંની સાથે હુમલો કરી દે. સાથોસાથ અદાલતે એમ પણ કહ્યંઅ હતું કે, તપાસ એજન્સી કોઈ સુપર કોપ નથી કે તેને ધ્યાને આવતી દરેક બાબતની તપાસ કરે. અન્ય એક કેસમાં સર્વોચ્ચ અદાલતે કહ્યંઅ હતું કે, તપાસ એજન્સી પાસે મૌલિક અધિકાર હોય તો તેણે અન્ય લોકોના અધિકાર અંગે પણ વિચારવું જોઈએ. પોતાના અસીલોને કાયદાકીય સલાહ આપતા કે તેમનો કેસ લડતા વકીલોને ઈડી સમન્સ મોકલે તે અંગે પણ સર્વોચ્ચ અદાલતને કહેવું પડયું છે કે, ઈડી તમામ મર્યાદા ઓળંગી ગઈ છે. ઈડી પાસે આર્થિક ગુનાની તપાસ કરવાની સત્તા છે, પણ વિરોધપક્ષો એવા આરોપ મુકતા રહે છે કે, રાજકીય દબાણ તળે આ એજન્સીનો દુરુપયોગ થઈ રહ્યો છે. હવે જ્યારે અદાલતી ટીકા વધી રહી છે, ત્યારે ઈડીએ મનોમંથન કરવાની ખાસ જરૂરત છે. ઈડીએ પોતાની કાર્યપદ્ધતિને પારદર્શક અને નિષ્પક્ષ બનાવવા પર સતત સતર્ક રહેવાની જરૂરત છે. આમ થાય તો જ તેની સાખ ફરી પ્રથાપિત થઈ શકે.

**કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પત્નીના જમીન ફાળવણીને લગતા એક કેસમાં સર્વોચ્ચ અદાલતે ઈડીની તપાસ સામે આપેલી ચેતવણી ભારે ચોંકાવનારી છે.**

### માલદીવ્સનું બદલાયેલું વલણ ભારતની વિદેશી નીતિની મોટી જીત છે

# યુકે સાથેનો વ્યાપાર કરાર ભારતના ફાયદામાં

## સારા સંબધો હતા તેથી હિંદ મહાસાગરમાં ભારત સુરક્ષિત હતું પણ છેલ્લાં કેટલાંક વરસોમાં સ્થિતિ બદલાઈ છે

હિંદ મહાસાગરમાં આવેલા ટચૂકડા ટાપુઓના બનેલો દેશ માલદીવ્સ ફરી ચર્ચામાં છે. એક સમયે હળાહળ ભારત વિરોધી વલણ અપનાવીને ચીનના ખોળામાં બેસી જનારા માલદીવ્સનું ફરી હૃદયપરિવર્તન થયું છે અને હવે ભારતનાં ગુણગાન ગાવા માંડ્યું છે. હમણાં આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી માલદીવ્સના પ્રવાસે ગયા ત્યારે માલદીવ્સના શાસકોએ મોદીના પગમાં જ આળોટવાનું બાકી રાખ્યું.

માલદીવ્સના પ્રમુખ મોહમ્મદ મૂઈજજુથી માંડીને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદ સુધીના નેતાઓએ મોદી અને ભારતની તારીફમાં કસિદા પઢવામાં કોઈ કસર ના છોડી. ભારત જ માલદીવ્સનું સાચું દોસ્ત છે ત્યાંથી માંડીને માલદીવ્સને ભારત સાથે મજબૂત સંબંધો રાખવામાં રસ છે ત્યાં સુધીનાં નિવેદનો દ્વારા માલદીવ્સના નેતાઓએ પોતે ચીનને છોડીને ભારત તરફ પાછા વળવા માગે છે તેનો સ્પષ્ટ સંકેત આપી દીધો.

માલદીવ્સનું બદલાયેલું વલણ ભારતની વિદેશી નીતિની મોટી જીત છે તેમાં શંકા નથી. તેનું કારણ એ કે, માલદીવ્સ ભલે સાવ ટચૂકડો દેશ હોય પણ ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનો દેશ છે. માલદીવ્સમાં ભારતતરફી શાસકો આવે તો ભારતની સુરક્ષાને ઉની આંચ ના આવે એ હદે માલદીવ્સ ભારત માટે મહત્ત્વનું છે.

માલદીવ્સની વસતી માંડ સવા પાંચ લાખની આસપાસ છે. માલદીવ્સ સાવ જ ઓછી વસતી ધરાવતો દેશ હોવાથી ત્યાં કોઈ માર્કેટ જ નથી તેથી માલદીવ્સને માલ વેચીને કે સારા આર્થિક સંબંધો રાખીને ભારતે કશું કમાવાનું નથી, પણ હિંદ મહાસાગરમાં માલદીવ્સનું ભૌગોલિક સ્થાન ભારત માટે બહુ મહત્ત્વનું છે. ભારતની દક્ષિણમાં શ્રીલંકાની ડાબી તરફમા આવેલા માલદીવ્સના ટાપુ હિંદ મહાસાગરમાં કોનું વર્ચસ્વ રહેશે એ નક્કી કરે છે.

ભારતના વરસો સુધી માલદીવ્સ સાથે સારા સંબધો હતા તેથી હિંદ મહાસાગરમાં ભારત સુરક્ષિત હતું પણ છેલ્લાં કેટલાંક વરસોમાં સ્થિતિ બદલાઈ છે. ચીન ભૂતકાળમાં પણ માલદીવ્સમાં ઘૂસવા મથતું હતું, પણ ભારતે માલદીવ્સને છૂટા હાથે મદદ કરીને ભૂતકાળમાં માલદીવ્સમાં ચીનનો પગપસારો રોકવામાં સફતા મેળવી હતી. માલદીવ્સમાં ૧૯૭૮માં પ્રમુખપદે આવેલા અબ્દુલ ગયુમ ભારતતરફી હતા.

ગયુમ રાષ્ટ્રપતિપદે ત્રણ દાયકા રહ્યા અન ગયુમના શાસન વખતે માલદીવ્સને ભારતે છૂટા હાથે મદદ કરીને તેમને સત્તામાં ટકાવી રાખેલા પણ ગયુમે ૨૦૦૮માં લોકો સીધી ચૂંટણી કરે તેવી પધ્ધતિ અપનાવી તેમાં હારી ગયા પછી મોહમેદ નાસિર પ્રમુખ બન્યા. નાસિર પણ ભારતતરફી હતા તેથી ચીનને મોકો ના મળ્યો પણ એ પછીની ચૂંટણીમાં યામીન જીત્યા એટલે ચીનને ઘૂસણખોરી કરવાની તક મળી ગઈ.

યામીને ભારત પરની પોતાની નિર્ભરતા ઘટાડવાના નામે ચીનના પગમાં આળોટવાનું શરૂ કરતાં સ્થિતિ બદલાઈ, ૨૦૧૩થી સત્તા સંભાળનારા યામીને ચીન અને સાઉદી રોકાણકારોને નોંતરીને ચીનનો પગપેસારો કરાવ્યો. ભારતે માલદીવ્સમાં ઈન્ફ્રાસ્ટ્રક્ટર વિકસાવવામાં મદદની ઓફર કરી હતી પણ અબ્દુલ્લા યામને ભારતની ઓફરને ઠુકરાવીને ચીનના ખોળામાં બેસવાનું પસંદ કર્યું હતું. અબ્દુલ્લા યામીને ભારત વિરોધી વલણ અપનાવ્યું તેનું કારણ મુસ્લિમ કટ્ટરવાદીઓનો પ્રભાવ હતો.

માલદીવ્સ માત્ર ૨૯૮ ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવે છે. અમદાવાદથી પણ અડધો વિસ્તાર ધરાવતા માલદીવ્સની ગણતરી દુનિયાના સૌથી નાનકડા દેશોમાં થાય છે. માલદીવ્સમાં બહુમતી મુસ્લિમો છે કે જે ૨૬ નાના નાના ટાપુઓમાં રહે છે. આ મુસ્લિમોમાં છેલ્લા કેટલાક વરસોમાં કટ્ટરવાદનો પ્રભાવ વધ્યો છે. યામીન તેમના મતોથી ચૂંટાયેલા એટલે તેમને રાજી રાખવા ભારત વિરોધી વલણ અપનાવીને બેસી ગયા. યામીને ધર્માંધ પરિબળોને પોષ્યાં તેથી માલદીવ્સમાં ભારત વિરોધી માનસિકતા પ્રબળ બની. યામીન ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં ગયા પણ તેમના ચેલા મોહમ્મદ મુઈજ્જુએ ચીનતરફી વલણ ચાલુ રાખતાં ચીને ભરપૂર લાભ ઉઠાવ્યો છે. માલદીવ્સના ૨૬માંથી ૧૬ ટાપુ પર ચીનનાં લશ્કરી થાણાં બની ગયાં છે. માલદીવ્સ સાથે ચીને સત્તાવાર રીતે લશ્કરી કરાર કરીને પોતાનું લશ્કર મોકલ્યું છે. ચીન અને માલદીવ્સ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ છે. માલદીવ્સ સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીને ચીને કશું મેળવવાનું નથી પણ વ્યૂહાત્મક રીતે માલદીવ્સ મહત્ત્વનું છે તેથી ચીને તેની સાથે કરાર કર્યા છે. ૨૦૧૭માં થયેલા કરાર પછી માલદીવ્સ સાથે વેપારના બહાને ચીને કબજો કરવા માંડ્યો એટલે માલદીવ્સના શાસકો જાગ્યા. તેમને પોતાનું અસ્તિત્વ જ ખતરામાં લાગતાં હવે પાછા ભારત તરફ વળવા માંડ્યા છે.

માલદીવ્સના વલણમાં આવેલા ફેરફારનો યશ નરેન્દ્ર મોદીને આપવો જોઈએ કેમ કે માલદીવ્સના ભારત વિરોધી વલણ છતાં મોદી સરકારે માલદીવ્સ સામે કોઈ ખાર નહોતો રાખ્યો. ભારત માટે માલદીવ્સ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનું છે એ વાત ધ્યાનમાં રાખીને તેમણે ધીરજ ધરી અને સાથે સાથે ભારતની માલદીવ્સને મદદ કરવાની વરસો જૂની પરંપરા પણ ન છોડી.માલદીવ્સના વલણના કારણે ભારતમાં માલદીવ્સ વિરોધી માહોલ પેદા થયો હતો. એ વખતે માલદીવ્સના બહિષ્કારની હાકલો પણ થઈ હતી અને સોશિયલ મીડિયા પર કેમ્પેઈન પણ ચાલ્યાં હતાં. માલદીવ્સનું અર્થતંત્ર પ્રવાસન પર નિર્ભર છે અને મોટા ભાગના પ્રવાસી ભારતથી આવે છે તેથી ભારતીયોએ માલદીવ્સ જવાનું બંધ જ કરી દીધેલું. તેની સામે રીએક્શન આપીને માલદીવ્સના નેતાઓએ મોદી વિરોધી લવારા કર્યા તો પણ મોદીએ મોટપ બતાવીને તેની સામે પ્રતિક્રિયા સુધ્ધાં ના આપી. માલદીવ્સને ચીન સાથેના સંબંધોના કારણે નુકસાન છે અને પોતાનું અસ્તિત્વ મટી જવાનો ખતરો છે તેનું ભાન થાય ત્યાં સુધી મોદીએ શાંતિથી રાહ જોઈ છે.

માલદીવ્સને ભારતને છોડીને ખોટું કર્યું હોવાનું ભાન થયું પછી મોદીને માલદીવ્સ આવવા નિમંત્રણ આપ્યું તેનો પણ મોદીએ કોઈ પણ ડંખ વિના સ્વીકાર કર્યો. મોદીએ માલદીવના ૬૦મા સ્વતંત્રતા દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી અને ભારત અને માલદીવ્સ વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત થયાના ૬૦ વર્ષ પૂર્ણ થયાના જલસામાં પણ ભાગ લઈને અહેસાસ કરાવ્યો કે, માલદીવ્સે ગમે તે કર્યું પણ ભારત એ બધું ભૂલીને માલદીવ્સ સાથે સારા સંબંધો રાખવામાં જ માને છે.મોદીએ તો મોટપ બતાવી પણ હવે માલદીવ્સ પણ ભારતના અહેસાનનો બદલો ચૂકવે એ જરૂરી છે. માલદીવ્સના શાસકો મોદીના સૌજન્યપૂર્ણ વ્યવહાર અને ભારતે બતાવેલી ઉદારતાની માલદીવ્સ કદર કરે એ જરૂરી છે. ચીનના રવાડે ચડવામાં માલ નથી તેનો અહેસાસ માલદીવ્સને થયો છે પણ આ અહેસાસ કાયમી ટકે એ વધારે જરૂરી છે. બાકી માલદીવ્સ તો પતી જ જશે પણ ચીન માલદીવ્સમાં ઘૂસશે તેમાં આપણને પણ નુકસાન છે.

### રાહુલ ગાંધી ૧૯૬૨માં ચીની આક્રમણનો ઇતિહાસ જાણે છે ? વાંચ્યો - કે સાંભળ્યો છે ?

# પ્રધાનમંત્રી સામે મોરચો

- સંસદના શિયાળુ - શીતકાલીન સત્રના આરંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષોને અનુરોધ કર્યો, સંદેશ આપ્યો હતો કે, આપણી વચ્ચે રાજકીય મતભેદ ભલે હોય પણ રાષ્ટ્રના હિતમાં દિલ તો મળવા જોઇએ.

વડાપ્રધાન મોદીની અપેક્ષા અને અનુરોધ હતો કે, સંસદના સત્રમાં વિજયોત્સવ ઊજવાશે. ઓપરેશન સિંદૂરની સિદ્ધિ - ફતેહ બદલ આપણી સેનાને અભિનંદન અને શાબાશી - અપાશે - એક મત અને મતિથી : પણ સત્રનો આરંભ વિરોધ પક્ષોએ અમંગળ કર્યો ! પહેલગામ અને ઓપરેશન સિંદૂરની સફળતા સામે સવાલ અને શંકા વ્યક્ત કરવામાં આવી. વડાપ્રધાન જ પ્રશ્નોના જવાબ આપે એવો હઠાગ્રહ થયો અને સંસદનાં બન્ને ગૃહોમાં આ વિષયની ચર્ચા માટે કલાકો ફાળવાયા, વડાપ્રધાન હાજર રહેશે એવી ખાતરી મળી તે પછી કોંગ્રેસ, રાહુલ ગાંધીની નેતાગીરીમાં વિપક્ષોએ બિહારમાં મતદારયાદીની ફેરતપાસનો વિરોધ કર્યો - સરકાર વોટ-ચોરી કરે છે એવો આક્ષેપ અને 'લોકતંત્ર બચાવો'ની 'રાજકીય લડત' શરૂ થઈ છે. કોંગ્રેસનો ઈન્ડિ - મોરચો તૂટી રહ્યો હતો તેને બચાવવા માટે હવે બિહારનું બહાનું મળ્યું. આ સાથે રાજ્યસભાના અધ્યક્ષ - ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ઓચિંતું રાજીનામું આપ્યું તેની પાછળ 'હાથ' કોનો હતો તે સૌ કોઈ જાણે છે ! હવે મોદી સરકાર સામે નવેસરથી મોરચો મંડાયો છે. વિજય ઉત્સવને બદલે પરાજય બતાવવા માગે છે રાહુલ ગાંધી ! દુનિયામાં ભારતનાં નામે ડંકા વાગે છે ત્યારે ભારતમાં વિપક્ષો 'ડાકલા' વગાડે છે ! ઓપરેશન સિંદૂરના જંગમાં મોદી સામે ફાવી નહીં શકાય - તેથી હવે બિહારનાં નામે - બહાને 'લોકતંત્ર બચાવો', બિહારમાં લાખો નકલી મતદારોનાં નામ રદ થયાં પછી હવે સત્તા મળવાની આશા નથી તેથી દ્રાક્ષ ખાટી કહીને ચૂંટણીનો બહિષ્કાર કરવાની ધમકી અપાય છે. સંસદના શિયાળુ - શીતકાલીન સત્રના આરંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષોને અનુરોધ કર્યો, સંદેશ આપ્યો હતો કે, આપણી વચ્ચે રાજકીય મતભેદ ભલે હોય પણ રાષ્ટ્રના હિતમાં દિલ તો મળવા જોઇએ. 'દેશ હિત મેં મન જરૂર મિલે' વડાપ્રધાનની રાષ્ટ્રહિતની આ ભાવના વિષે બેમત હોઈ શકે નહીં. વિપક્ષોએ પહેલગામના આતંકી હત્યાકાંડ અને ઓપરેશન સિંદૂર વિષે ચર્ચા કરવાની માગણી કરીને સરકારને ભીંસમાં લેવાનો નિર્ણય કર્યો હોવાથી - અને વડાપ્રધાન જ નિવેદન કરે અને વિપક્ષોના પ્રશ્નોના જવાબ આપે એવી માગણી કરી છે. સરકારે આ વિષયની ચર્ચા માટે સમય ફાળવ્યો છે અને તમામ પ્રશ્નોના જવાબ આપવાની ખાતરી આપી છે પણ વડાપ્રધાન જ જવાબ આપે એવો હઠાગ્રહ, દૂરાગ્રહ છે અને તેની પાછળ રાષ્ટ્રહિત નહીં, રાજકારણ છે. વડાપ્રધાને રાષ્ટ્રહિતમાં મનમેળ હોવાની આશા વ્યક્ત કરીને વિરોધીઓને સંદેશ આપ્યો હતો પણ તે સંસદના ઝાંપા - દરવાજા સુધી જ પહોંચ્યો. ગૃહના પ્રથમ દિવસથી જ ધાંધલ શરૂ થઈ અને કાર્યવાહી થઈ નહીં. અધૂરામાં પૂરું ઉપરાષ્ટ્રપતિ - રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે ઓચિંતું રાજીનામું આપતાં રાજકારણ વધુ ડહોળાયું ! વિપક્ષો પહેલગામના હત્યાકાંડની ચર્ચા કરીને - પ્રશ્નો - શંકા જગાવીને ગૃહપ્રધાન અમિત શાહ સામે તથા ઓપરેશન સિંદૂરમાં વડાપ્રધાન મોદી સામે નિષ્ફળતાના આક્ષેપ કરવા માગે છે. પહેલગામમાં આગોતરી માહિતી મેળવવામાં આપણી ગુપ્તચર એજન્સીઓ નિષ્ફળ ગઈ હતી એવું નિવેદન જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલે કર્યા પછી વિપક્ષોને જાણે મસાલો મળ્યો છે. ગૃહપ્રધાન ઉપર નિષ્ફળતાનો આક્ષેપ કરવા માટે આવી જ રીતે ઓપરેશન સિંદૂરમાં આપણા કેટલાં રાફેલ વિમાનો પાકિસ્તાને તોડી પાડયાં ? તેવો પ્રશ્ન રાહુલ ગાંધી પહેલા દિવસથી જ, વારંવાર પૂછી રહ્યા છે, પણ આપણે પાકિસ્તાનને કેટલું નુકસાન કર્યું તે ક્યારેય પૂછતા નથી ! કારણ સ્પષ્ટ છે : રાહુલ ગાંધી બોફોર્સના ભ્રષ્ટાચારમાં રાજીવ ગાંધી બદનામ થયા હતા. તેનો 'બદલો' લેવા માગે છે. રાફેલના સોદામાં 'ભ્રષ્ટાચાર' પકડવા માટે પ્રયાસ કર્યા. પેરિસની ડેલીએ હાથ દઈ આવ્યા. નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા, પણ ક્યાંય ફાવ્યા નથી. હવે ભ્રષ્ટાચાર નહીં તો પણ રાફેલ વિમાનો સંરક્ષણ માટે નકામા છે એમ સાબિત કરવા માગે છે ! પણ લડાઈમાં વિમાનો પડે, સૈનિકો શહીદ થાય - તેનું રાજકારણ હોય નહીં, કરાય નહીં. રાફેલ વિમાનો તોડી પાડયાંની માહિતી રાહુલ ગાંધીને ક્યાંથી મળી ? કોણે આપી ? જવાબ માગવો જોઇએ. પાકિસ્તાનને ચીની શત્રો મળે છે અને સેટેલાઇટ મારફત આપણી હિલચાલની માહિતી પણ મળે છે, પણ રાહુલ ગાંધીએ મૈત્રીકરાર કર્યા હોવાથી મળી શકે ? ટ્રમ્પે તો પાંચ જેટ તૂટયાંની માહિતી હજુ હમણાં જાહેર કરી છે. યુદ્ધવિરામ બાબત પાકિસ્તાનના પૂર્વ વિદેશ પ્રધાન ખુરશીદ મહમૂદ કસૂરીએ પણ કહ્યું છે કે બન્ને દેશોની સામાન્ય સમજ કોમનસેન્સથી થઈ છે. બન્નેને લાગ્યું કે ઘણું થયું. હવે બસ કરીએ. યુદ્ધવિરામ પછી નવી દિલ્હી સ્થિત સંસ્થા - 'સેન્ટર ફોર પીસ એન્ડ પ્રોગ્રેસ' દ્વારા યોજાયેલા ઓનલાઈન સેમિનાર માટે પાકિસ્તાની પૂર્વ વિદેશ પ્રધાન જોડાયા હતા અને એમણે આ નિવેદન કર્યું હતું !

રાહુલ ગાંધી ૧૯૬૨માં ચીની આક્રમણનો ઈતિહાસ જાણે છે ? વાંચ્યો - કે સાંભળ્યો છે ? આપણા કેટલા સૈનિકો - હાથમાં જૂના-પુરાણા શત્ર લઈને ચીનનાં ધાડેધાડાં સામે લડયા અને શહીદ થયા. અમેરિકાએ ચીનને - રૂકજાવ - કહ્યું હોત નહીં તો આસામ પણ આપણે ગુમાવ્યું હોત - કાશ્મીરનો પ્રદેશ તો ગુમાવ્યો ! બાંગલાદેશના વિજય પછી આપણા વિપક્ષી નેતા અટલ બિહારી વાયપેયીજીએ ઈન્દિરા ગાંધીને 'દુર્ગા માતા' કહીને નવાજ્યાં હતાં - આપણે કેટલાં વિમાન ગુમાવ્યાં એવું પૂછ્યું ન હતું ! વડાપ્રધાન મોદી કહે છે, રાષ્ટ્રહિતમાં દિલ-હૃદય મળવા જોઇએ. મતભેદ હોય જ નહીં, પણ વિપક્ષી નેતા સત્તાની ખુરશીથી આગળ જોઈ શકતા નથી. આપણા સ્વદેશી શત્રોની કમાલ જોઇને વિશ્વના દેશો ડઘાઈ ગયા છે પણ સ્વદેશી નેતાઓની આંખમાં ખૂંચે છે ! પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ શા માટે ? ઈન્દિરા ગાંધી હોત તો કાશ્મીરી પ્રદેશ પાછો લીધો હોત - એવી ટીકા અને બડાઈની વાતો થાય છે પણ ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીએ શું કર્યું ? શિમલા કરારમાં પાકિસ્તાની ભુટ્ટો કેવા મૂરખ બનાવી ગયા ? રાહુલ ગાંધીના કાનમાં કોઈએ કહેવું જોઇએ. અમેરિકી ટ્રમ્પને દુનિયા આખી ઓળખે - જાણે છે ! પાકિસ્તાનની ખાનાખરાબી જોઇને સલાહ આપી - ભારતના પગ પકડો અને આપણે લક્ષ્ય સિદ્ધ થયા પછી વિરામ માટે હા પાડી, પણ પૂર્ણવિરામ નથી - એમ સ્પષ્ટ કર્યું. ટ્રમ્પસાહેબ રશિયા કે ઈઝરાયલને રોકી શકતા નથી અને શાંતિ નોબેલ એવોર્ડ જોઇએ છે ! પાકિસ્તાની ફિલ્ડ માર્શલ પણ ટ્રમ્પને મળી આવ્યા. આજે પરિસ્થિતિ શું છે ? યુદ્ધ માત્ર રણમેદાનમાં જીતતા નથી - ડિપ્લોમસી પણ મહત્ત્વની છે.

### લોકોના ઘર, કાર ખરીદવાના સપનાને પૂર્ણ કરવામાં મદદ કરી શકો

# લોન ઓફિસર બનીને કેરિયર બનાવો

## દેશમાં બેકિંગ ક્ષેત્રનુ નેટવર્ક વધુને વધુ મજબુત થઇ રહ્યુ છે ત્યારે લોન ઓફિસરની ભૂમિકા પણ ભવિષ્યમાં વધનાર છે : પેમેન્ટ પણ આકર્ષક

બેકિંગના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટેની ઈચ્છા ધરાવનાર યુવાનો માટે પણ કેટલીક સુવર્ણ તક રહેલી છે. તેમની સામે કેટલાક વિકલ્પ રહેલા છે. તેમાંથી એક વિકલ્પ લોન ઓફિસર બનીને લોકોના સપનાને પૂર્ણ કરવા માટેનો પણ છે. લોન ઓફિસર બનીને કેરિયરને ઉજળી બનાવી શકાય છે. વાત હોમ લોનની હોય કે પછી બિઝનેસ લોનની હોય કે પછી પરંસનલ લોનની હોય તેમાં લોન ઓફિસરની ભૂમિકા ચાવીરૂપ રહે છે. બેંકો અને ગ્રાહકો વચ્ચે લોન ઓફિસર્સ એક સેતુની જેમ કામ કરે છે. દરેક વ્યક્તિનુ એક સપનુ હોય છે કે તે પોતાની લાઈફમાં પોતાના પરિવાર માટે એક ઘર ખરીદીને આગળ વધે. પરંતુ એક મધ્યમવર્ગીય પરિવારની વ્યક્તિ માટે ઘર લેવાનુ સપનુ જલ્દી પૂર્ણ થતુ નથી. તેની એટલી જવાબદારી પહેલાથી જ હોય છે કે તે આ દિશામાં વધારે આગળ વધવાની હિંમત કરી શકતી નથી. એક કાર ખરીદી શકે તેવી પણ ઈચ્છા હોય છે પરંતુ આ સપના પૂર્ણ કરવાની બાબત એટલી સરળ નથી. મધ્યમ વર્ગની વ્યક્તિની કોઇ પણ પ્રકારની લોન લેવાની ઈચ્છાને પૂર્ણ કરવાનુ કામ જ લોન ઓફિસર કરે છે. તેને લોન અપાવવામાં લોન ઓફિસર જ મદદ કરે છે. દેશમાં બેકિંગ સુવિધાની માંગ સતત વધી રહી છે. વધતી જતી માંગના કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રમાં નોકરી માટેની શક્યતા રેકોર્ડ ગતિથી વધી ગઇ છે. લોન ઓફિસર બેંકના ગ્રાહકો અને બીજા લોનની અરજી કરનાર લોકો માટે મદદ તરીકેની કામગીરી અદા કરે છે. લોન ઓફિસર વ્યક્તિને હોમ, કાર, એજ્યુકેશન અને બિઝનેસ તેમજ પર્સનલ લોન અપાવવામાં મદદ કરે છે. તે ગ્રાહકો માટે યોગ્ય લોન નક્કી કરવામાં મદદ કરે છે. તેમને જુદી જુદી જરૂરિયાતો અને શરતોના સંબંધમાં માહિતી આપે છે. તે વ્યક્તિની ક્રેડિટ હિસ્ટ્રી, કોર્પોરેટ નાણાંકીય લેવડદેવડ અને



અન્ય નાણાંકીય જાણકારી એકત્રિત કરે છે. તે તમામ દસ્તાવેજ મેળવી લીધા બાદ લોનના પાસા પર અભ્યાસ કરે છે. લોનના એગ્રીમેન્ટસની સમીક્ષા કરે છે. પેમેન્ટ શેડ્યુલની ગણતરી કરે છે. ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે નવી લોનની માહિતી પણ એકત્રિત કરે છે. લોન ઓફિસર આધુનિક સમયમાં માગ ધરાવતા ઓફિસર તરીકે છે. કોર્સ દરમિયાન વિદ્યાર્થીને તમામ પ્રકારની પ્રેકટિકલ જાણકારી આપવામાં આવે છે. જેમ કે અલગ અલગ પ્રકારના લોન પર વ્યાજ દર શુ હોય છે તે અંગે માહિતી આપવામાં આવે છે. લોનના ઈન્સ્ટોલમેન્ટ કઇ રીતે નક્કી કરવામાં આવે છે તે અંગે માહિતી આપવામાં આવે છે. બેંકના તમામ સેક્ટર સંબંધમાં તાલીમ આપવામાં આવે છે. બેંકના કામ કરવાના તરીકા અંગે પણ જાણ કરવામાં આવે છે. લોન ઓફિસર બનવા માટે કેટલીક યોગ્યતા પહેલાથી જ હોવી જરૂરી હોય છે. સ્નાતક અથવા તો કોઇ પણ સ્ટ્રીમમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ કિંગ અને ફાયનાન્સના કોર્સ કરી શકે છે. લોન ઓફિસર બનવા માટેની તૈયારી કરી શકે છે. જે વિદ્યાર્થીઓના ડિગ્રી વેળા ૫૦ ટકા નંબર છે તે લોન ઓફિસર સાથે જોડાયેલા કોર્સમાં સામેલ થવા માટે અરજી કરી શકે છે.

તકની વાત કરવામાં આવે તો દેશના તમામ રાષ્ટ્રીય અને ક્ષેત્રીય સ્તરના બેકોને લોન ઓફિસરની જરૂર હોય છે. કોર્સ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થી આંતરરાષ્ટ્રીય બેંક, મોર્ગેજ કંપનીઓ અને ક્રેડિટ યુનિયનોમાં નોકરી માટે અરજી કરી શકે છે. આ ઉપરાંત સરકારી બેંકોમાં નોકરી મેળવી લેવા માટે પરીક્ષા આપીને નોકરી મેળવી શકે છે. લોન ઓફિસરનો ઓછોમાં ઓછો પગાર ૨૦થી ૩૦ હજાર રૂપિયાનો હોય છે. અનુભવની સાથે તેમાં વધારો થતો રહે છે. બેકિંગ સેક્ટરમાં કમીશન આધાર પર પણ કામ કરી શકાય છે.કોર્પોરેટ ક્ષેત્રની વધુને વધુ કંપનીઓ પોતાની બેંક શરૂ કરવાની દિશામાં આગળ વધી રહી છે ત્યારે લોન ઓફિસરની માંગ આગામી દિવસોમાં વધનાર છે. ગ્રામીણ વિસ્તારમાં પણ લોન ઓફિસરની માંગ વધનાર છે. આવી સ્થિતીમાં કેરિયર આ ક્ષેત્રમાં બનાવી શકાય છે. લોન ઓફિસરની કામગીરી મુખ્ય રીતે બેંક અને ગ્રાહકો વચ્ચે સંકલન જાળવવા માટેની હોય છે. આ જવાબદારી ખુબ મોટી જવાબદારી છે.

# નવી પેઢીનો લેટેસ્ટ વાયરસઃ સૈયારા



'સૈયારા' ફિલ્મ ને એના જુવાળ ને ટાબરિયાઓના રિએકશન વિશે બધાને ખબર છે, પણ ચાલો , આજે 'સૈયારા' જોઈને ટીનેજરની આજની જનરેશન સ્ક્રીન ઉપરનો ઉપરછલ્લો પ્રેમ જોઈને કેમ રડે એ આપણાં જેવડી પેઢી જાણવા-જોવા જાય છે કે આ બધાં કેમ રડે છે અને પછી એ ફિલ્મ જોઈને રડે છે ને સરવાળે સૌ ર ડે છે.

ઘણાને વાંધો વેવલાવેડાનો છે, પણ આમાંના કોઈને ય ત્યારે વાંધો નહોતો જ્યારે 'આદિપુરુષ' રિલીઝ થઈ ત્યારે થિયેટરમાં હનુમાનજી માટે એક સીટ રિઝર્વ રાખવામાં આવેલી. હકીકતમાં રામકથામાં હનુમાનજીને આસન આપવાની પ્રથા છે તો એની જ બેઠી કોપી ફિલ્મમાં કરવાની? એ વેવલાવેડા નહોતા?

'કાશ્મીર ફાઈલ્સ' જોઈને પરજા ગાંડી થયેલી ને રડતી-ચિચિયારીઓ પાડતી. અમુક તો એક ખાસ ધર્મને ભારતમાંથી હાંકી કાઢો એમ કહેતી. અમુક લોકો પોસ્ટર પાસે ઊભા રહીને ઊતરેલા ડાચે ફોટોઝ પડાવતા. હા, માન્યું કે એ ફિલ્મ એક વાસ્તવિક કરુણાન્તિકા પર હતી, જેના માટે સંવેદના જ હોય, પણ માઈન્ડ ઇટ, આ સંવેદનાની આડમાં નફરતનું સિંચન હતું.

બાકી ફિલ્મ 'બોર્ડર' પણ સત્યઘટના પર હતી, પણ અંતમાં સર્જક એનો પોતાનો સ્ટેન્ડ લઈને ગીત 'મેરે દુશ્મન મેરે ભાઈ' મૂકીને કહે છે, કે 'જંગ તો ચંદ રોઝ હોતી હૈ, જિંદગી બરસોં તલક રોતી હૈ' અહીં ઉપરોક્ત મૂવીમાં કડવી, નગ્ન વાસ્તવિકતા બતાવવાના કારણે કદાચ આજ જેવું એ વખતે નહીં આવ્યું હોય?

પાંચ-છ મહિના પહેલાં જ 'છાવા' જોઈને સાવ નાનાં નાનાં બાળકો શૌર્યતા અને નફરતના રિએક્શન થિયેટરમાં આપતાં હતાં એમાં કોઈને ય વેવલું ન લાગ્યું. એ પણ સત્ય હતું અને વાસ્તવિકતા હતી, પણ એટલે સદીઓ જૂની ઘટનાનું ઝેર કુમળા માનસ પર નાખવાનું? પછી એ જ બાળક મોટું થશે ને ફિલ્મમાં કોઈક ને પ્રેમ કરતાં જોવે તો રડશે કેમ કે એમના આસપાસના લોકોએ એમને પ્રેમ કરતાં તો શીખવ્યું જ નથી.

ખેર, આપણે લાગણીશીલ પ્રજા છીએ ને એ કંઈ આજકાલનું નથી. જેમને ધંધો કરવો છે એ આપણને સારી રીતે જાણે છે, તો એ તો એમનું કામ કરવાનાપ આપણે એક કાલ્પનિક સંતોષી મા ને ય માતાજી બનાવી દઈએ ને રામાનંદ સાગરની 'રામાયણ' આવે તો ટીવી સામે દીવા-બત્તી ય કરીએ. તો પછી યુવાનો નફરત કે હિંસા સ્ક્રીન પર જોઈને ચીસો પાડે કે સ્ક્રીન પર પ્રેમ જોઈને રડે એ યોગ્ય કેમ નથી?

બીજી તરફ, ફિલ્મ એપ્રિશીએશન ભણાવવા માટે ભાવિ પત્રકારોના એક ક્લાસમાં સાથી શિક્ષકે કહેલું કે આ છોકરાઓને ગુરુદત્ત કોણ છે એ ખબર નથી એ હજુ ક્ષમ્ય છે, પણ સુનિલ દત્ત કોણ છે એ પણ ખબર નથી એનો કારમો આઘાત કેમ સહન કરી લેવો? વળી આ કિસ્સો આજકાલનો નહી, પણ દસ વર્ષ પહેલાંનો છે.

હવે વિચારો વાચકબાબુ, આજની પેઢી ક્યાં પહોંચી હશે? જ્યાં પણ પહોંચી હશે ત્યાં પણ આ પૂર્તિનું પાનું એના હાથમાં નથી એ ખાતરી છે. છેલ્લે ક્યા જનરેશન-ઝીના બાળકને હાથમાં છાપાં સાથે જોયેલું? ઇટ ઇઝ ઈમ્પોસિબલ. જોડણી કે શબ્દ ભલે ખોટો હોય, 'સૈયારા' ફિલમ જોઈને ભાંગી પડતા અને હિબકે ચડતા આ ઢાંઢા બાળકોની પેઢીને શું ફરક પડે છે? બસ, મજા આવવી જોઈએ અને બધું ઇન્સ્ટા સ્ટોરીમાં ચડવું જોઈએપબસપમોક્ષ!

હવે ફરી 'સૈયારા'ની વાત પર આવીએપતો માર્કેટના રિપોર્ટ અનુસાર પચાસ ભાડુતી છોકરા-છોકરીઓને બોલાવીને પબ્લિસિટી સ્ટંટ કરેલો. એમની રીલ વાયરલ થઈ ને એના પછી સ્વયંભૂ ચિનગારી આગ મેં પલટ ગઇ. પઆ બધું ફિલ્મના માર્કેટિંગ ગિમિક નો ભાગ હતો જે અણધાર્યો સફળ થયો. તો તો આ નિબ્બા/નીબ્બીની પેઢી વધુ મૂરખ કહેવાય. આટલા કાચા કાનની પેઢી તો ઇતિહાસમાં ક્યારેય આવી જ નથી. પ્રજાને ઝુકાવી શકાય છે આવું સાંભળેલું છે પણ આ છપરી ગેંગ તો મૂર્ખામીમાં આળોટી રહી છે. આ લોકોના ભરોસે સરહદ તો શું ફ્રિજનું બારણું પણ ન મુકાય.

આખો દિવસ રીલ જોતા કે કોન્ટેન્ટ બનાવતા મગજ સંકોચાઈ ગયું છે. એમનો એટેન્શન સ્પાન-ઝીરો. 'સૈયારા' પછી તો માઇનસમાં થઈ ગયો લાગે છે, કારણ કે એમનું મગજ ત્રીસ સેકન્ડની રીલ જોવા ટેવાયેલું છે. ત્રીસ સેકન્ડ સરખો એક વીડિયો જોયો ન જોયો એવું તરત સ્ક્રોલિંગ. બીજા ચહેરાપ બીજું મ્યુઝિક.. બીજી વાત. એની પંદર વીસ સેકન્ડ પછી એ જ પુનરાવર્તન. આવું કલાક સુધી થાય એટલે ફક્ત મગજ જ નહી, આંખ – કાન પણ નુકસાન પામે. માનસિક – શારીરિક આદત બદલાઈ જાય.

# 'સૈયારા'નું ગીત સ્પોટીફાય ગ્લોબલ ટોપ ૭માં પહોંચેલં પહેલું બોલિવૂડ સોંગ

## 'સૈયારા'ના ટાઇટલ સોંગે દુનિભરના સ્ટ્રીમિંગ પ્લેટફર્મના રેકોર્ડ તોડ્યાં




યશરાજ ફિલ્મ્સની તાજેતરમાં રિલીઝ થયેલી મ્યુઝિકલ ડ્રામા ફિલ્મ 'સૈયારા' બોક્સ ઓફિસ સાથે અન્ય ગ્લોબલ ચાર્ટ પર પણ ઇતિહાસ સર્જી રહી છે. હવે આ ફિલ્મનું ટાઇટલ ગીત સ્પોટીફાયના ટોપ ૫૦ ગ્લોબલ ચાર્ટમાં ટોપ ૭માં પહોંચેલું પહેલું બોલિવૂડ ગીત બન્યું છે. અત્યાર સુધીમાં આ ગીત ગ્લોબલી ૩.૮૭ મિલિયન વખત સ્ટ્રીમ થયું છે, તેમાં પણ ૩.૬૧ મિલિયન વ્યુઝ તો માત્ર ભારતમાંથી જ મળ્યાં છે.

ન્યુ કમર્સ અહાન પાંડે અને અનીત પડ્ડાની 'સૈયારા', 'કહોના પ્યાર હે' પછી ન્યુકમર્સની પહેલી હિટ ફિલ્મ છે. જેણે માત્ર ૪ દિવસમાં ૧૦૦ કરોડની કમાણી કરી લીધી. 'સૈયારા'નું આલ્બમ પહેલાંથી જ ઘણું લોકપ્રિય થયું છે, જેમાં તનીશ્ક બાગચી, ફહીમ અર્સલાન, જુબિન નોટિયાલ, શિલ્પા રાવ, વિશ્લા મિશ્રા, અરિજિત સિંહ, સચેત પરંપરા, શ્રેયા ઘોષાલ અને મિથન જેવા કલાકારોએ ગીતોને અવાજ આપ્યો છે સ્પોટિફાયના ટુ ૫૦માં આ ફિલ્મના ૬ ગીતો પોતાનું સ્થાન જમાવીને બેઠાં છે. ટાઇટલ સોંગ પાંચ દિવસથી પહેલાં નંબરે પહોંચ્યું છે. આ પહેલાં રેપર હ્યુમનકાઈન્ડનું 'બિગ ડ્વોગ્ઝ' આ પહેલાં એક નોન બોલિવૂડ સિંગલ તરીકે સ્પોટીફાય પર ગ્લોબલ ક્રમાંકમાં આગળ પહોંચ્યું હતું.આટલું ઓછું હોય તેમ વિવિધ પ્રકારન પ્લેટફર્મ પર આ ગીતને પહેલા નંબરે પહોંચાડવા માટે સોશિયલ મીડિયા પર કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રકારના એક કેમ્પેઈનને અનન્યા પાંડેએ પણ પોતાનો અવાજ આપ્યો હતો. આ બાબતને આ ફિલ્મના મ્યુઝિક કમ્પોઝર તનિશ્ક બાગચીએ પણ ગર્વની ક્ષણ ગણાવી હતી. સાથે તેણે ફૅન્સનો તેનો ઉત્સાહ વધારવા બદલ આભાર પણ માન્યો હતો.



# રિતિક, જુનિયર NTRની 'વોર ૨'નું ટ્રેલર લોંચ




યશ રાજ ફિલ્મસે શુક્રવારે ૠતિક રોશન, જુનિયર એનટીઆર અને કિયારા અડવાણીની વર્ષની સૌથી મોટી ફિલ્મ 'વોર ૨' નું ટ્રેલર રિલીઝ કર્યું છે. વાયઆરએફ આજે ૨૫ જુલાઈએ આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ 'વોર ૨'નું ટ્રેલર લોંચ કરીને ભારતીય સિનેમાનાં બે આઈકોન, ૠતિક રોશન અને જુનિયર એનટીઆરના વારસાના ૨૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે.

અયાન મુખર્જી દ્વારા દિગ્દર્શિત, વાય આર એફ સ્પાય યુનિવર્સનું 'વોર ૨'માં આ બે દિગ્ગજોને એકબીજા સામે એક અનોખા, લોહિયાળ મુકાબલા માટે ઉભા કરે છે જે હંમેશા યાદ રહેશે જે દર્શકોને લાંબા સમય સુધી યાદ રહેશે. જોકે, સોશિયલ મીડિયા પર મળતા અહેવાલો મુજબ આ ટ્રેલરમાં જુનિયર એનટીઆર છવાઈ ગયા છે અને તેના રોલના સૌથી વધુ વખાણ થયા છે. 'વોર ૨' ૧૪ ઓગસ્ટના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં હિન્દી, તેલુગુ અને તમિલમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. તેમાં કિયારા અડવાણી પણ મુખ્ય ભૂમિકામાં છે.આ ફિલ્મનું ટીઝર આવ્યું ત્યારથી જ કિઆરાનો ગ્લેમરસ અવતાર છવાઈ ગયો હતો. આ ફિલ્મ રિલીઝ વખતે બોક્સ ઓફિસ પર રજનીકાંતની 'કૂલી' સાથે ટકરાશે, ત્યારે આ બંનેમાંથી કઈ ફિલ્મ યુદ્ધ જીતી જશે, તે જોવામાં પણ ઈન્ડસ્ટ્રીનાં ઘણાં લોકોની નજર છે. રજનીકાંતની 'કૂલી' માટે વિદેશોમાં તો એડવાન્સ બૂકિંગ પણ શરૂ થઈ ચૂક્યું છે, ત્યારે આ ફિલ્મ એડવાન્સ બૂકિંગમાં કેવી શરૂઆત કરે છે, તે પણ જોવાનું રહ્યું.

# હુમા કુરેશીની 'બયાન' ટોરન્ટો ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદ કરવામાં આવી

હુમા કુરેશીની ફિલ્મ 'બયાન' ટીઆઈએફએફ ખાતે વર્લ્ડ પ્રીમિયર થશે, તે પ્રતિષ્ઠિત ડિસ્કવરી કેટેગરીમાં એકમાત્ર ભારતીય ફિલ્મ છે, આ એવું ફેસ્ટિવલ છે, જેણે ક્રિસ્ટોફર નોલાન, આલ્ફોન્સો કુઆરોન અને બેરી જેનકિન્સ જેવા ફિલ્મ નિર્માતાઓની કારકિર્દીમાં મહત્વનો ફાળો આપ્યો છે.

ટોરોન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૫માં હુમા કુરેશીની પોલિસ અને ક્રાઈમ થ્રિલર 'બયાન'નું આ સપ્ટેમ્બરમાં વર્લ્ડ પ્રીમિયર યોજાશે. ફિલ્મ 'ચૌરંગા' માટે જાણીતા લેખક-દિગ્દર્શક વિકાસ રંજન મિશ્રા દ્વારા દિગ્દર્શિત 'બયાન' ડિસ્કવરી કેટેગરીમાં એકમાત્ર ભારતીય ફિલ્મ છે. આ ફિલ્મ લોસ એન્જલસ ખાતે ફિલ્મ ઇન્ડિપેન્ડન્ટમાં તૈયાર કરવામાં આવી હતી અને તેનું પ્રોડક્શન પ્લેટૂન વન ફિલ્મ્સનાં શિલાદિત્ય બોરા દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં ચંદ્રચુર સિંહ, સચિન ખેડેકર જેવા દિગ્ગજો સાથે પાવરહાઉસ કલાકારો પરિતોષ સેન, અવિજીત દત્ત, વિભોર મયંક, સંપા માંડલ, સ્વાતિ દાસ, અદિતિ કંચન સિંહ અને પેરી છાબરા સહિતના મજબુત કલાકારોનો સમાવેશ થાય છે.

આ ફિલ્મ સત્તા અને જેન્ડરના બે અલગ વિષયોને અનોખી રીતે જોડે છે. અનેક ભારતીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ જીતી ચૂકેલી કુરેશીએ કહ્યું કે, તે રોમાંચિત છે કે 'બયાન'નું વર્લ્ડ પ્રીમિયર ડિસ્કવરી કેટેગરીમાં થશે જેણે ક્રિસ્ટોફર નોલાન, અલ્ફોન્સો કુઆરોન અને બેરી જેનકિન્સ જેવા ફિલ્મ નિર્માતાઓની કારકિર્દી શરૂ કરી છે.

# તૃપ્તિ ડિમરીને વિકી કૌશલમાંથી પ્રેરણા મળે છે



તૃપ્તિ ડિમરીની કેરિઅરમાં 'એનિમલ' પછી જાણે ભરતી આવી ગઈ છે, હાલ પણ તે સંદીર રેડ્ડી વાંગાની પ્રભાસ સાથેની 'સ્પિરિટ' સહિતની ફિલ્મ કરી રહી છે. હાલ તેની 'ધડક ૨'ના પ્રમોશન ચાલી રહ્યા છે, જેમાં તેની સાથે સિદ્ધાંત ચતુર્વેદી લીડ રોલમાં છે. ત્યારે તાજેતરમાં એક ઇન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે તાજેતરમાં 'બૅડ ન્યુઝ'માં વિકી કૌશલ સાથે કામ કર્યું હતું, તેમાં એમિ વિર્ક પણ હતો. વિકીએ તાજેતરમાં ઈન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ પૂરાં કર્યાં છે. ત્યારે વિકી સાથે કામ કરવાના અનુભવ વિશે તૃપ્તિએ કહ્યું, "એ બહુ જ વધારે સ્વીટ અને ટેલેન્ટેડ વ્યક્તિ છે અને બહુ જ વિનમ્ર છે." તૃપ્તિને વિકીની જે વાત સૌથી વધુ ગમે તે અંગે તેણે કહ્યું, "મને લાગે છે કે એનામાં બહુ જ ધીરજ છે. મને લાગે છે, મારે તેની પાસેથી ધીરજ શીખવા જાવી છે."વિકીના સ્વભાવની કઈ બાબત તેને અન્ય કલાકારોથી અલગ બનાવે છે, તે અંગે વિકી જે મહેનત અને એકાગ્રતા સાથે કામ કરે છે તેને યાદ કરતાં તૃપ્તિએ કહ્યું, "એ એક પણ શબ્દ બોલ્યા વિના ૨૪ કલાક કામ કરી શકે છે. એ ખરેખર બહુ જ સારો છે." આગળ તૃપ્તિએ એવું પણ કહ્યું કે, "અને મને લાગે છે, મેં એને એક દિવસ પૂછ્યું પણ હતું કે, તું કોઈ ફરિયાદ વિના આ રીતે કામ કઈ રીતે કરી શકે છે?" ત્યારે વિકીએ જે જવાબ આપ્યો હતો, તેનાથી તૃપ્તિને આશ્ચર્ય થઈ ગયું હતું. એણે કહેલું, "મારે જીવનમાં હંમેશા આ જ જોઈતું હતું." તૃપ્તિએ કહ્યું, "એના આ જાવબથી મને ઘણી બાબતોનો જવાબ મળી ગયો હતો. એ ધીરજ, મને લાગે છે, મારે એ શીખવાની જરૂર છે."

જો તૃપ્તિની આગામી ફિલ્મની વાત કરવામાં આવે તો 'ધડક ૨' પછી તૃપ્તિ શાહિદ કપૂર સાથે વિશાલ ભારદ્વાજની 'રોમિયો'માં જોવા મળશે, તેમાં નાના પાટેકર, રણદીપ હૂડા અને દિઆ મિર્ઝા પણ હશે. તે ઉપરાંત તેમાં દિશા પટ્ટણીનું સ્પેશિયલ સોંગ પણ છે. આ ફિલ્મ પછી તે રણબીર કપૂરન સાથે વાંગાની વધુ એક ફિલ્મ 'એનિમલ પાર્ક'માં પણ જોવા મળશે.

# ગિલ, જાડેજા અને સુંદરની લડાયક સદી, ચોથી ટેસ્ટ ડ્રો

## માન્ચેસ્ટર ટેસ્ટ : જાડેજા-સુંદર વચ્ચે પાંચમી વિકેટ માટે ૨૦૩★ રેકોર્ડ ભાગીદારી, ઇંગ્લેન્ડના બોલર્સ વિકેટ માટે તરસ્યા, ભારત શ્રેણીમાં ૧-૨થી પાછળ

માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ મેદાન પર ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ચોથી ટેસ્ટ ડ્રો થઈ હતી. ભારત માટે આ મેચ ઘણી રીતે ઐતિહાસિક હતી. પ્રથમ ઈનિંગમાં ૬૬૯ રન બનાવ્યા બાદ ઇંગ્લેન્ડ પાસે ભારત સામે ૩૧૧ રનની લીડ હતી. જેના જવાબમાં ભારતીય ટીમે પહેલી જ ઓવરમાં બે વિકેટ ગુમાવી હતી. આવી સ્થિતિમાં, ભારત પર ઈનિંગ્સ સાથે હારનું જોખમ હતું, પરંતુ પહેલા કેએલ રાહુલ અને ગિલ વચ્ચે ૧૮૮ રનની ભાગીદારી અને પછી જાડેજા અને સુંદરની નિર્ભય અને આક્રમક ઈનિંગે ઇંગ્લેન્ડને બેકફૂટ પર ધકેલ્યું હતું અને લડાયક સદી ફટકારીને મેચ ડ્રો કરાવી હતી.

પાંચમા અને અંતિમ દિવસના અંત સુધીમાં ભારતે ૪ વિકેટ ગુમાવીને ૪૨૫ રન બનાવ્યા હતા. જાડેજા અને સુંદરને આઉટ કરવા માટે ઇંગ્લેન્ડે બોલિંગમાં ઘણા ફેરફાર કર્યા હતા. તેમ છતાં તેઓ વિકેટ માટે તરસી રહ્યા હતા. બીજી તરફ બોલર્સ પણ ઓવર ફેંકીને હાંફી ગયા હતા. આ દરમિયાન બેન સ્ટોક્સે જાડેજા અને સુંદરની સદી પૂર્ણ ન થાય તે માટે મેચ ડ્રોની ઓફર કરી હતી. જોકે, જાડેજા, વોશિંગ્ટને ફરજિયાત ઓવર શરૂ થાય તે પહેલાં મેચ રદ કરવાની બેન સ્ટોક્સની તે ઓફરનો ઈન્કાર કર્યો હતો. જાડેજા અને સુંદર સદી નજીક પહોંચતા ટેસ્ટ મેચમાં ટી૨૦ જેવો રોમાંચ જોવા મળ્યો હતો અને મેદાન પર હાજર ભારતીય ફેન્સ પણ ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. મેચમાં ઈંગ્લેન્ડનો પહેલો દાવ ૬૬૯ રન સુધી મર્યાદિત રહ્યો હતો. એટલે કે, યજમાન ઈંગ્લેન્ડે ભારત પર ૩૧૧ રનની મોટી લીડ બનાવી હતી. આ પહેલા ભારતીય ટીમે પહેલા દાવમાં ફક્ત ૩૫૮ રન જ બનાવી શકી હતી. ઈંગ્લેન્ડ તરફથી જો રૂટે પહેલી ઈનિંગમાં શાનદાર ૧૫૦ રન જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ૧૯૮ બોલમાં ૧૪૧ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ તરફથી જેક ક્રોલી (૮૪ રન), બેન ડકેટ (૯૪ રન) અને ઓલી પોપે પણ અડધી સદી ફટકારી હતી.

ભારતીય ટીમની બીજી ઈનિંગ્સ ખૂબ જ ખરાબ શરૂઆત થઈ હતી. ઓપનર યશસ્વી જયસ્વાલ અને સાઈ સુદર્શન ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયા હતા. બે વિકેટ પડ્યા પછી કેએલ રાહુલ અને કેપ્ટન શુભમન ગિલે ભારતીય ટીમની કમાન સંભાળી હતી. શુભમન ગિલે સદી ફટકારી





જ્યારે કેએલ રાહુલ સદી ચૂકી ગયો હતો. પરંતુ ગિલ-રાહુલના આઉટ થયા પછી રવીન્દ્ર જાડેજા અને સુંદર વચ્ચે ઐતિહાસિક ૨૦૩★ રનની ભાગીદારી થઈ હતી. ચોથી ટેસ્ટ ડ્રો પછી ભારતીય ટીમ હવે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં ૧-૨થી પાછળ છે. તેથી પાંચમી ટેસ્ટ વધુ રોમાંચક બની રહેશે. કારણ કે, ઈંગ્લેન્ડ પાસે સિરીઝ જીતવાની તક હશે, જ્યારે ભારત સિરીઝ સરભર કરવાનો પ્રયાસ કરશે.

**જાડેજા-સુંદરે ૨૮ વર્ષ જૂનો ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો**

માન્ચેસ્ટરમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ચોથી ટેસ્ટ મેચના પાંચમા દિવસે રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરે પાંચમી વિકેટ માટે ૨૦૩★ રનની ભાગીદારી કરી હતી. તેમની ભાગીદારી હવે ભારત માટે વિદેશમાં ટેસ્ટની અંતિમ ઈનિંગમાં પાંચમી વિકેટ માટે સૌથી મોટી ભાગીદારી છે. અગાઉનો રેકોર્ડ મોહમ્મદ અઝહરુદ્દીન અને સૌરવ ગાંગુલીના નામે હતો, જેમણે ૧૯૯૭માં શ્રીલંકા સામે ૧૧૦ રન બનાવ્યા હતા.

૧. વોશિંગ્ટન સુંદર-રવીન્દ્ર જાડેજા - ૨૦૩★ વિ ઈંગ્લેન્ડ, માન્ચેસ્ટર ૨૦૨૫

૨. અઝહરુદ્દીન-સૌરવ ગાંગુલી - ૧૧૦ વિ શ્રીલંકા, કોલંબો ૧૯૯૭

૩. વીવીએસ લક્ષ્મણ-સચિન તેંડુલકર - ૧૦૯ વિ શ્રીલંકા, કોલંબો ૨૦૧૦

૪. ગાંગુલી-યુવરાજ સિંહ - ૧૦૩ વિ પાકિસ્તાન, કરાચી ૨૦૦૬

૫. અઝહરુદ્દીન-સંજય માંજરેકર - ૭૦ વિ ઓસ્ટ્રેલિયા ૧૯૯૨

**વોશિંગ્ટન સુંદરની પહેલી ટેસ્ટ સદી**

વોશિંગ્ટન સુંદરે પણ સદી ફટકારીને બધાનું દિલ જીત્યું છે. ૨૦૬ બોલમાં ૧૦૧ રન ફટકારનારા સુંદરની ટેસ્ટ કારકિર્દીમાં આ પહેલી સદી છે. માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાયેલી ચોથી ટેસ્ટના પાંચમા અને અંતિમ દિવસના બીજા સત્ર દરમિયાન સ્ટાર ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પણ સદી ફટકારી હતી. જાડેજાની ટેસ્ટ કરિયરની આ પાંચમી સદી હતી. જ્યારે બંને ટીમો ડ્રો માટે સંમત થઈ ત્યારે ભારતનો સ્કોર ૪ વિકેટે ૪૨૫ રન હતો. સુંદર ૧૦૧ અને જાડેજા ૧૦૭ રન બનાવીને અણનમ રહ્યા હતા.

# એશિઝમાં ઓસી. પિચ પર રમવા તૈયાર રહેજો: સ્મિથની ચેતવણી



હાલમાં ભારત સામેની ટેસ્ટ સિરીઝમાં ઘરઆંગણાની સપાટ પિચો પર ઇંગ્લેન્ડના બેટર્સ ધૂમ મચાવી રહ્યા છે પરંતુ ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર સ્ટિવ સ્મિથે અંગ્રેજ ટીમને અત્યારથી જ ચેતવણી આપી દીધી છે કે આ વર્ષના અંતમાં એશિઝ સિરીઝ રમવા ઓસ્ટ્રેલિયા આવો ત્યારે કપરા સમય માટેની તૈયારી રાખજો કેમ કે ઓસ્ટ્રેલિયન મેદાનો પર આ પ્રકારની સપાટ પિચ પર રમવા નહીં મળે.

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે હાલમાં ચાલી રહેલી પાંચ ટેસ્ટની સિરીઝમાં આસાન બેટિંગ અને સરળ પિચો ચર્ચાનો વિષય બની ગયો છે પરંતુ સ્ટિવ સ્મિથનું માનવું છે કે ઇંગ્લેન્ડના બેટર્સે આ પ્રકારની બેટિંગને અનુકૂળ પિચથી ટેવાઈ જવાની જરૂર નથી. આ સિરીઝમાં બંને ટીમે એક વાર ૫૦૦+નો સ્કોર રજૂ કર્યો છે તો માન્ચેસ્ટરમાં રમાતી ટેસ્ટમાં શનિવારે ઇંગ્લેન્ડે ૬૬૯ રનનો તોતિંગ સ્કોર કર્યો હતો. આ ઉપરાંત સિરીઝમાં બંને ટીમ ૪૦૦+નો સ્કોર નોંધાવતી રહે છે.

સ્ટિવ સ્મિથે આ અંગે જણાવ્યું હતું કે હાલમાં તેઓ (ઇંગ્લેન્ડના બેટર્સ) જે પિચ પર રમી રહ્યા છે તેની ઉપર તેમને ખાસ પડકાર મળતો નથી કેમ કે પિચો એકદમ સપાટ અને બેટિંગને અનુકૂળ છે. જોકે છેલ્લા કેટલાક વર્ષથી ઓસ્ટ્રેલિયન પિચો વિચિત્ર બની ગઈ છે અને મોખરાના બેટ્સમેન માટે કપરી બનતી જાય છે. આમ અંગ્રેજોને આ વખતે મોટો પડકાર મળવાનો છે. જોકે તેમ છતાં આ વખતની એશિઝ રોમાંચક બની રહેશે તેમાં શંકા નથી. આગામી એશિઝની તૈયારીના ભાગરૂપે સ્ટિવ સ્મિથ હાલમાં ભારત સામેની સિરીઝ દરમિયાન ઇંગ્લેન્ડની ટીમના પ્રદર્શન પર ચાંપતી નજર રાખી રહ્યો છે. હું આ સિરીઝ નિહાળી રહ્યો છું અને બંને ટીમ તરફથી ઘણું સારું ક્રિકેટ રમાઈ રહ્યું છે. આથી જ મને લાગે છે કે આ વર્ષે એશિઝ સિરીઝ ખૂબ જ રસપ્રદ બની રહેશે.

# ચોથી ટી૨૦માં ઓસ્ટ્રેલિયાનો વિન્ડિઝ સામે ૩ વિકેટથી વિજય




ચોથી ટી-૨૦માં ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ત્રણ વિકેટથી હરાવીને પાંચ મેચની શ્રેણીમાં ૪-૦ની લીડ મેળવી લીધી છે. ઓસ્ટ્રેલિયાની સતત ચોથી T20I જીતમાં કેમેરોન ગ્રીન, જોશ ઈંગ્લિસ અને ગ્લેન મેક્સવેલે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કેમેરોન ગ્રીન અને જોશ ઈંગ્લિસે અડધી સદી ફટકારી હતી, જ્યારે ગ્લેન મેક્સવેલે ૧૮ બોલમાં ઝડપી ૪૭ રન બનાવ્યા હતા.

વેસ્ટ ઈન્ડિઝ દ્વારા આપવામાં આવેલા ૨૦૬ રનના લક્ષ્યનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ ગ્રીન (૫૫ અણનમ) અને ઈંગ્લિસ (૫૧ રન)ની ઈનિંગ્સની મદદથી ૧૯.૨ ઓવરમાં સાત વિકેટે ૨૦૬ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. વેસ્ટ ઈન્ડિઝ તરફથી જેડિયા બ્લેડ્સે ૨૯ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. આ સાતમી વખત છે જ્યારે વેસ્ટ ઈન્ડિઝ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૨૦૦થી વધુના સ્કોરના ડિફેન્ડ કરી શક્યું નહી. ઓસ્ટ્રેલિયાએ T20I ક્રિકેટના ઈતિહાસમાં ૭મી વખત ૨૦૦થી વધુ રનના લક્ષ્યનો પીછો કર્યો છે. આ સાથે ઓસ્ટ્રેલિયન ટીમે T20Iમાં ૨૦૦+ રનનો લક્ષ્યાંક સૌથી વધુ વખત એટલે કે ૭ વખત હાંસલ કરવાના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી છે. આ પહેલા ભારત એકમાત્ર ટીમ હતી જેણે ૭ વખત T20I માં ૨૦૦+ રનનો લક્ષ્યાંક હાંસલ કરવાની સિદ્ધિ મેળવી છે. ઓસ્ટ્રેલિયાની ટીમે વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ પર અત્યાર સુધી એક પણ મેચ હાર્યું નથી. ટેસ્ટ શ્રેણીમાં ૩-૦થી ક્લીન સ્વીપ કર્યા પછી ઓસ્ટ્રેલિયાએ હવે ૫ મેચની T20I શ્રેણીમાં ૪-૦ થી અજેય લીડ મેળવી લીધી છે. હવે કાંગારૂ ટીમ ટેસ્ટ શ્રેણીની જેમ T20I શ્રેણીમાં પણ વેસ્ટ ઈન્ડિઝને ક્લીન સ્વીપ કરવા માંગે છે. જ્યારે યજમાન વેસ્ટ ઈન્ડિઝ કોઈપણ કિંમતે છેલ્લી મેચ જીતવા માંગશે.

# દુલીપ ટ્રોફી : તિલક વર્માને સાઉથ ઝોનનો કેપ્ટન બનાવાયો



ભારતીય બેટ્સમેન એન તિલક વર્માને આગામી મહિને યોજાનારી દુલીપ ટ્રોફી માટે સાઉથ ઝોનનો કેપ્ટન બનાવાયો છે. ૨૨ વર્ષીય તિલક ભારત માટે ચાર વનડે અને ૨૦ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂક્યો છે. તે શાનદાર ફોર્મમાં છે અને તાજેતરમાં તેણે ઈંગ્લેન્ડની કાઉન્ટી ટીમ હેમ્પશાયર માટે ચાર ઈનિંગ્સમાં ૧૦૦, ૫૬, ૪૭ અને ૧૧૨ રન ફટકાર્યા હતા.

રણજી ટ્રોફી ફાઇનલ સુધી શાનદાર પ્રદર્શન કરનારા કેરળના ચાર ખેલાડીઓએ ૧૬ સભ્યોની ટીમમાં જગ્યા બનાવી છે. મોહમ્મદ અઝહરુદ્દીન ટીમના વાઈસ-કેપ્ટન રહેશે જ્યારે એમ.ડી. નિધિશ, બેસિલ એન.પી. અને સલમાન નિસાર પણ ટીમમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. તમિલનાડુના વિકેટકીપર-બેટ્સમેન નારાયણ જગદીસન (જે ઈજાગ્રસ્ત ઋષભ પંતના સ્થાને ઈંગ્લેન્ડ ગયા છે), અનુભવી ડાબોડી સ્પિનર આર. સાઈ કિશોર અને મધ્યમ ક્રમના બેટ્સમેન દેવદત્ત પડિકલ પણ ટીમમાં છે. ગત રણજી સિઝનમાં કર્ણાટક માટે સૌથી વધુ ૫૧૬ રન બનાવનાર આર. સ્મરાનને સંભવતઃ મે મહિનામાં થયેલી ઈજાને કારણે સ્ટેન્ડબાય તરીકે સામેલ કરવામાં આવ્યો છે. આ ઈજાને લીધે તે IPL ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદમાં જોડાઈ શક્યો ન હતો.

# દિવ્યા અને હમ્પી વચ્ચે બીજી ગેમ પણ ડ્રો, આજે ટાઇબ્રેકરથી નિર્ણય




કોનેરુ હમ્પી અને દિવ્યા દેશમુખ વચ્ચે FIDE મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ ફાઇનલની બીજી ગેમ પણ ડ્રો સાથે સમાપ્ત થઈ હતી. ઈન્ટરનેશનલ માસ્ટર દિવ્યા દેશમુખે ઉચ્ચ ક્રમાંકિત ગ્રાન્ડમાસ્ટર અને દેશબંધુ કોનેરુ હમ્પીને કોઈ તક આપ્યા વિના ડ્રો રમવા માટે મજબૂર કર્યા હતા. વિજેતાનો નિર્ણય હવે ટાઇબ્રેકર મેચ દ્વારા આવતીકાલે સોમવારે લેવામાં આવશે. જે ટૂંકા ગાળાની રમતોની શ્રેણી હશે.

શનિવારે ફાઇનલની પહેલી ગેમમાં પોતાની સારી શરૂઆતનો પૂરો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ રહેલી દિવ્યાએ બીજી ગેમમાં કાળા મોહરા સાથે રમવા છતાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન તે અનુભવી હમ્પીની દરેક ચાલનો યોગ્ય જવાબ આપવામાં સફળ રહી હતી. હમ્પીએ પોતાનો એક પ્યાદો ગુમાવ્યા બાદ દિવ્યાને ફસાવીને મેચ પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ દરમિયાન તેણીએ તેના બંને બિશપ (ઊંટ અથવા રાણી) ગુમાવી દીધા હતા.

આનાથી યુવા ભારતીય ખેલાડીને એક પ્યાદાના ફાયદા સાથે વાપસી કરવાની તક મળી હતી. બંને ખેલાડીઓએ ૩૪ ચાલ પછી મેચ ડ્રોમાં સમાપ્ત કરવાનો નિર્ણય લીધો હતો. હવે ટાઇ-બ્રેકર ૧૫ મિનિટની બે રમતો હશે જેમાં દરેક ચાલ પછી ૧૦ સેકન્ડ ઉમેરવામાં આવશે.

જો આ પછી પણ સ્કોર સમાન રહે છે, તો બંને ખેલાડીઓ દરેક રમત માટે ૧૦ મિનિટનો બીજો સેટ રમશે, જેમાં ૧૦ સેકન્ડ ઉમેરવામાં આવશે. જો મેચનું પરિણામ હજુ પણ નક્કી ન થાય, તો પાંચ મિનિટની બે વધુ રમતો રમાશે અને દરેક ચાલ પછી ત્રણ સેકન્ડ ઉમેરવામાં આવશે.

# સ્ટેટ ટીટીમાં ધૈર્યએ મેન્સ, ફ્રેનાઝ છિપીયાએ વિમેન્સ ટાઇટલ જીત્યાં

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ અને જામનગર ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસોસિયેશનના ઉપક્રમે અહીંના જેએમસી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ (જામનગર) ખાતે યોજાયેલી રિલાયન્સ ચોથી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં મોખરાના ક્રમના ધૈર્ય પરમારે (અમદાવાદ) ૦-૨થી પાછળ રહ્યા બાદ ગુજરાત ટેબલ ટેનિસના સૌથી વયસ્ક અને અનુભવી ૪૬ વર્ષના જિજ્ઞેશ જયસ્વાલ (ભાવનગર)ને ૪-૨થી હરાવીને મેન્સ ટાઇટલ જીતી લીધું હતું.

દરમિયાન ૨૩ વર્ષીય ધૈર્ય વિજેતા બન્યો હતો ત્યારે ૪૬ વર્ષીય અને બેંક કર્મચારી જિજ્ઞેશ જયસ્વાલે ટુર્નામેન્ટમાં બીજા અને ત્રીજા ક્રમાંકિત ખેલાડીને હરાવીને ઘણા વર્ષ બાદ મેન્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ૪૬ વર્ષના જિજ્ઞેશ જયસ્વાલ સ્ટેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં રમનારા સૌથી વયસ્ક પૈકીના એક ખેલાડી બન્યા હતા.

વિમેન્સ ફાઇનલ મેચ પણ રોમાંચક બની હતી કેમ કે તેમાં મોખરાના ક્રમની સુરતી ખેલાડી ફ્રેનાઝ છિપીયાએ અમદાવાદની ત્રીજા ક્રમની પ્રથા પવારને ૪-૩થી હરાવીને વર્તમાન સિઝનમાં પોતાનું પ્રથમ ટાઇટલ જીત્યું હતું.

જોકે પ્રથા જામનગરથી ખાલી હાથે પરત ફરી ન હતી કેમ કે તેણે અંડર-૧૭ અને અંડર-૧૯ ગર્લ્સ ટાઇટલ પોતાના નામે કરી લીધા હતા જેમાં તેણે અનુક્રમે સિદ્ધિ બલસારા અને ચાર્મી ત્રિવેદીને હરાવી હતી. પ્રથા આ બંને કેટેગરીમાં મોખરાનો ક્રમાંક ધરાવે છે.

આ ટુર્નામેન્ટમાં બેવડી સિદ્ધિ હાંસલ કરનારા ખેલાડીમાં રાજકોટના દેવ ભટ્ટનો પણ સમાવેશ થાય છે જેણે બોયઝ અંડર-૧૩ અને અંડર-૧૫ ટાઇટલ જીત્યા હતા. અંડર-૧૩માં આ વર્ષે હજી સુધી એકેય મેચ નહીં હારેલા દેવ ભટ્ટે અમદાવાદના ત્રીજા ક્રમના અંશ ખમારને ૩-૦થી હરાવ્યો હતો અને ચાર ટુર્નામેન્ટમાં ચોથું ટાઇટલ જીત્યુ હતું જ્યારે અંડર-૧૫ની ફાઇનલમાં તેણે દ્વિજ ભાલોડિયા (અમદાવાદ)ને ૩-૦થી હરાવીને આ કેટેગરીમાં વર્ષમાં ચારમાંથી ત્રીજું ટાઇટલ જીત્યું હતું. અંડર-૧૯ બોયઝની ફાઇનલમાં અરવલ્લીના મોખરાના ક્રમના જન્મેજય પટેલે બે ગેમથી પાછળ રહ્યા બાદ ભાવનગરના ધ્યેય જાનીને ૪-૨થી હરાવ્યો હતો. વર્તમાન સિઝનમાં આ તેનું પ્રથમ ટાઇટલ હતું.

મોખરાના ક્રમના અમદાવાદના અભિલાક્ષ પટેલે સાતમા ક્રમના વેદ પંચાલને ૩-૦થી હરાવીને અંડર-૧૭ બોયઝ ટાઇટલ જીત્યું હતું. અંડર-૧૫માં ભાવનગરની મોખરાના ક્રમની ચાર્મી ત્રિવેદી સુરતની દાનિયા ગોદીલને ૩-૧થી હરાવીને વિજેતા બની હતી.



સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૨૮ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫




**આજે શ્રાવણના પ્રથમ સોમવારે શ્રદ્ધાળુનું ઘોડાપુર : પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારનું વિશેષ મહત્વ હોય છે. આજે વહેલી સવારથી જ શહેરના શિવાલયોમાં ભાવિકભક્તો ઉમટી પડ્યાં હતાં અને હર.. હર.. મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યાં હતાં.**

## દાંડી રોડની કેરિંગટન એન્ડ રિસોર્ટ બન્યાં પહેલાં મેમ્બરશીપના રૂપિયા ઉઘરાવી લીધા

### રિસોર્ટ સંચાલકોએ સભ્યો સાથે છેતરપિંડી કરતાં પો.કમિશનરને ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૮**

દાંડી રોડ ખાતે આવેલ કેરિન્ટન ક્લબ એન્ડ રિસોર્ટના સંચાલકો વિરૂદ્ધ પોલીસ કમિશનરે ફરિયાદ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર અરજદાર યજ્ઞેશ જે. વ્યાસ અને વિજયભાઈ સવાઈલાલ ભટ્ટે કેરિંગટન ક્લબ એન્ડ રિસોર્ટ, દાંડી રોડ, સુરતના હોદ્દેદારો/કર્મચારીઓ અર્પિત ભગવાનભાઈ સાલિયા, ભાવેશભાઈ ભગવાનભાઈ સાલિયા, રમેશભાઈ વોરા, યાજ્ઞિક પટેલ વિરુદ્ધ ગુનાહિત વિશ્વાસ ઘાત અને છેતરપિંડીના ગુન્હા કર્યા બાબતની બે અરજીઓ સુરત પોલીસ કમિશ્નરને કરવામાં આવી છે.

કેરિંગટન ક્લબ એન્ડ રિસોર્ટના હોદ્દેદારો/કર્મચારીઓ એ કેરીગટન ક્લબ એન્ડ રિસોર્ટમાં લોકોને મેમ્બર બનાવવા માટે દાંડી રોડ,કાછોલ પાસે હાર્ડીંગો (જાહેરાતના બોર્ડ) મૂકી જાહેરાત કરેલી તેમજ સુરતના વર્તમાનપત્રોમાં પણ કેરીગટન ક્લબ એન્ડ રિસોર્ટની જાહેરાતો કરેલી અને લોકોને આ ક્લબમાં મેમ્બર્સ બનવા માટે આકર્ષેલા અને લલચાવેલા.કેરિંગટન ક્લબ એન્ડ રિસોર્ટના હોદ્દેદારો/કર્મચારીઓ દ્વારા ક્લબમાં મેમ્બર બનવા માટે રૂ.૫૧,૦૦૦/- રોકડા તથા રૂ.૪,૮૫૧ ના ૩૬ હપ્તા ecs થી ક્લબના ખાતામાં જમા કરીએથી ક્લબની મેમ્બરશીપ મળી જશે અને તાઃ૩૧/૭/૨૦૨૩ સુધીમાં પ્રોજેક્ટ પૂરો થઈ મેમ્બરશિપનું ફિજીકલ પજેશન મળશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

તેવી જાહેરાતો કરવામાં આવેલી.જેથી અરજદારએ રૂ.૨,૨૫,૬૩૮/- રકમ ભરી હતી. કેરિંગટન ક્લબ એન્ડ રિસોર્ટમાં મેમ્બર બનવા માટે ભરેલી.કેરિંગટન ક્લબ એન્ડ રિસોર્ટમાં ક્લબ સંદર્ભેનું કોઈપણ પ્રકારનું બાંધકામ થતું ન હોય કે કોઈપણ પ્રકારની પ્રોગ્રેસિવ કામગીરી થતી ન હોય ક્લબના હોદ્દેદારો/કર્મચારીઓને મેમ્બરશિપના રૂપિયા પાછા આપવા જણાવેલ ત્યારે આ હોદ્દેદારો/કર્મચારીઓ એ છ માહિનામાં પૂરેપૂરા રૂપિયા ચૂકવી આપવાની વાત કરેલી.પરંતુ ઘણો લાંબો સમયગાળો પૂરો થઈ ગયો છતા કેરિંગટન ક્લબ એન્ડ રિસોર્ટના હોદ્દેદારો/કર્મચારીઓ દ્વારા મેમ્બરશિપના રૂપિયા પરત આપવામાં આવેલ નથી.જેથી અરજદારો દ્વારા પોલીસ કમિશ્નરને કેરિંગટન ક્લબ એન્ડ રિસોર્ટના હોદ્દેદારો/કર્મચારીઓ વિરુદ્ધ ગુનાહિત કાવતરું રચી છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત કર્યા અંગેની અરજી કરાઈ છે.

## વરસાદી માહોલ જામ્યો : સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ

### સુરતમાં છેલ્લાં ચોવીસ કલાકમાં એક ઈંચ વરસાદ, સાપુતારામાં બે ઈંચ વરસાદ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૮**

મધ્યપ્રદેશ તરફથી સક્રીય થયેલી લો પ્રેશર સીસ્ટમ ગુજરાત તરફ ફંટાતા ગઈકાલ રાત્રિથી સુરત સહિત દ.ગુજરાતમાં પણ અસર જોવા મળી રહી છે. વરસાદી માહોલ ફરી જામ્યો છે ત્યારે સર્વત્ર ઠંડક પ્રસરી જવા પામી છે. દરમિયાન ગઈકાલ મોડી રાત્રિથી એકધારો વરસાદ સુરત શહેરમાં વરસી રહ્યો છે. આજે સવારે પણ મેઘરાજાએ જોરદાર બેટીંગ કરતા શહેર પાણી પાણી થઈ ગયું હતું. સુરત મનપા ફ્લડ કંટ્રોલ પાસેથી મળતી વિગત પ્રમાણે વિતેલા ૨૪ કલાકમાં સુરત સિટીમાં ૨૧ મીમી, રાંદેરમાં ૨૪ મીમી, કતારગામ ઝોનમાં ૩૫ મીમી, વરાછા એ ઝોનમાં૨૪ મીમી, વરાછા બી ઝોનમાં ૩૪ મીમી, લિંબાયત ઝોનમાં ૧૩ મીમી, ઉધના ઝોનમાં ૨૩ મીમી વરસાદ પડ્યો હતો.

ગઈકાલે સવારથી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં પુરા થતા ૨૪ કલાકમાં ઓલપાડ તાલુકામાં ૯ મીમી, માંગરોળમાં ૨૯, ઉમરપાડામાં ૩૮, માંડવીમાં ૮ મીમી, જ્યારે કામરેજમાં ૨૧, ચોર્યાસીમાં ૮ , પલસાણામાં ૧૪, બારડોલીમાં ૪, મહુવામાં ૩૩ મીમી વરસાદ પડ્યો છે.

નવસારીમાં ૩૬ મીમી, જલાલપોરમાં ૨૩, ગણદેવીમાં ૪૨, ચીખલી૧૮ મીમી, વાંસદામાં સૌથી વધુ ત્રણ ઈંચ વરસાદથી પાણી પાણી થઇ ગયું હતું. આ ઉપરાંત ખેરગામમાં પણ એક ઈંચ વરસાદ વરસ્યો હતો. વલસાડમાં ૧૮, ધરમપુરમાં ૩૭ મીમી, પારડીમાં ૨૧ મીમી, કપરાડામાં દોઢ ઈંચ, જ્યારે ઉમરગામમાં ૮ અને વાપીમાં ૨૦ મીમી વરસાદ પ્યો હતો.તાપી જિલ્લાના નિઝરમાં ૩ મીમી, ઉચ્છલમાં ૮, સોનગઢમાં ૨૪, વાલોડમાં ૩૬, કુકરમુંડામાં ૧૬, જ્યારે ડોલવણમાં ૩૮ મીમી વરસાદ ઝીંકાયો હતો. આ ઉપરાંત આહવામાં ત્રણ ઈંચથી વધુ જયારે સાપુતારામાં ૨ ઈંચ અને સૌથી વધુ વઘઈમાં ૨૪ કલાકમાં ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. સુબીર પંથકમાં પણ ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો.

## હથનુર-પ્રકાશા ડેમમાંથી ૩૩ હજાર ક્યુસેક પાણી છોડાયું

ઉપરવાસમાં પણ મેઘમહેર ડેમની સપાટી ૩૨૭.૧૬ ફુટ : હથનુર અને પ્રકાશા ડેમમાંથી ૩૩ હજાર ક્યુસેક પાણી છોડાયુંઉપરવાસમાં પણ મેઘમહેરને પગલે ડેમમાં પાણીની આવક થઇ રહી છે. ઉકાઇ ડેમના ઉપરવાસમાં વરસાદ શરૂ થતા ડેમની સપાટી ૩૨૭.૧૬ ફુટ ઉપર પહોંચી ગઇ છે. ડેમમાં ૪૦ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હથનુર ડેમમાંથી ૩૩ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે જ્યારે પ્રકાશા ડેમમાંથી ૩૩ હજાર ક્યુસેક પાણી છોડાઇ રહ્યું છે. ઉપરવાસમાંથી આવતા પાણીને પગલે ઉકાઇ ડેમમાંથી તાપી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું હોય વિયર કમ કોઝવેની સપાટી ૬.૫૪ મીટર ઉપર પહોંચી છે. ફરી વખત કોઝવે ઉપરથી પાણીનો ઓવરફ્લો શરૂ થયો છે. કોઝવે ઉપરથી ૪૧ હજાર ક્યુસેક પાણી ઓવરફ્લો થઇ અરબી સમુદ્રમાં વહી રહ્યું છે.

### મેઘમહેરથી ઉકાઈ ડેમની પાણીની સપાટીમાં વધારો

## એન ડી જ્વેલર્સના માલિકના ઠગાઈ કેસમાં જામીન નામંજૂર

### બનાવટી દસ્તાવેજો બનાવી રૂા.૧.૧૦ કરોડની ઠગાઈ કરી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત.તા.૨૮**

રૂપિયા ૧.૧૦ કરોડની છેતરપિંડીના કેસમાં આરોપી એન ડી જવેલર્સના માલિક નીરજ પચ્ચીગરના જામીન સુરત કોર્ટ નામંજૂર કર્યા હતા.આ કેસની વિગત એવી છેકે, એનડી જ્વેલર્સના માલિક નીરજ રમેશચંદ્ર પચ્ચીગર સામે આરોપ છે કે આરોપી નીરજે બનાવટી દસ્તાવેજો બનાવીને ફરિયાદી દેવર્ષિભાઈને રૂ.૧.૧૦ કરોડથી વધુનો ચૂનો ચોપડયો હતો. આ કેસમાં પોલીસે નીરજની ધરપકડ કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. નીરજે જામીન ઉપર મુક્ત થવા અરજી કરી હતી.સરકારી વકીલ એપીપી અરવિંદ વસોયા અને મૂળ ફરિયાદી તરફે વકીલ પાર્થ લખાણી અને ચંદ્રેશ પીપલીયાએ જામીન અરજીનો ભારપૂર્વક વિરોધ કર્યો હતો જેથી કોર્ટે ફરિયાદ પક્ષની દલીલો ધ્યાને લઈ આરોપીના જામીન રદ કરતો હુકમ ફરમાવ્યો હતો.

## વરાછા ભરતનગરમાં ચોથા માળેથી પટકાયેલા યુવકનું મોત

### વરાછા પોલીસે અકસ્માત મોત નોંધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૮**

ગઈકાલે મોડી સાંજે વરાછાના ભરતનગર ખાતે ચોથા માળેથી પટકાયેલા યુવકનું મોત નીપજ્યું હતું વરાછા ખાતે ભરતનગર લાલભાઈ વડાપાવની સામે અજય ભગવાન મુંજાણી(૩૪) રહેતો હતો. ગઈકાલે મોદી સાંજે અજય જ્યારે તો હતો તેના ચોથા માળેથી નીચે કોઈક રીતે પટકાયો હતો જેથી તેને સારવાર માટે ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબે એને મૃત જાહેર કર્યો હતો. વરાછા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ રામજીભાઈ કરી રહ્યા છે

## લગ્નની લાલચ આપી પરસ્પર સંમતિના શરીર સંબંધ બળાત્કાર ગણી શકાય નહીં:કોર્ટ

### દુષ્કર્મ કેસના આરોપીના જામીન મંજૂર કરતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૮**

લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાના આક્ષેપિત કેસમાં કોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે ટાંક્યું હતું કે પરિણીતી સ્ત્રી સાથે લગ્નને લાલચ આપી પરસ્પર સંમતિથી બાંધેલ શરીર સંબંધ બળાત્કાર ગણી શકાય નહીં. બચાવ પક્ષના વકીલ કમલેશ રાવલે કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી હતી

આ કેસની વિગત એવી છે કે, કોસંબા પોલીસની હકુમતમાં રહેતી યુવતિનો માંગરોળ ખાતે રહેતા મેહુલ પરમાર સાથે સંપર્ક થયો હતો. તેઓ વચ્ચે ટેલીફોનીક વાતચીત સાથે સાથે મિલાપ પણ થતાં હતા. દરમિયાન ગત.તા.૧૫ માર્ચે મેહુલે લગ્નની લાલચ આપી યુવતિ સાથે પરસ્પર શરીર સંબંધ બાંધ્યા હતા. દરમિયાન આરોપી પંકજે પોતે લગ્ન કરવા તૈયાર છે પરંતુ પોતાના ઘર-પરિવારના સભ્યો લગ્ન કરવાની ના પાડે છે તેવી વાત કરી હતી. જેથી ફરિયાદી યુવતિએ ગત સપ્તાહે કોસંબા પોલીસ સ્ટેશનમાં મેહુલ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જેથી આરોપી મેહુલની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી મેહુલે જામીન ઉપર મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી

## રાંદેર ગામ તળના રસ્તા પર ચંદ્ર જેવા ખાડા પડી ગયા

### સ્થાનિક રહીશો દ્વારા મનપાને ફોટા સાથે ઓનલાઈન ફરિયાદ કરી



**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૮**

દેમાર વરસાદને કારણે સુરત શહેરમાં ઠેર ઠેર રસ્તાનું ધોવાણ થઈ ગયું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આવા રસ્તાઓનું પેચવર્ક પણ કરવામાં આવે છે. પરંતુ ફરીથી વરસાદ પડે એટલે ફરીથી રસ્તા તૂટી જાય છે. રાંદેર ગામ તળના રસ્તાઓ તો ચંદ્ર જેવા થઈ ગયા છે. ઝંડાચોક, નિશાન ફળીયું, સોની ફળિયા, મણીભદ્ર મંદિર, રાંદેર પીપલ્સ બેંક, પાંચ હાટડી સહિતના વિસ્તારોના રસ્તાઓનું સંપૂર્ણ ધોવાણ થઈ ગયું છે. ઠેર ઠેર નાના-મોટા ખાડા પડી ગયા છે. હાલ શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. રાંદેર ગામ તળમાં આવેલ સિદ્ધોશ્વર મહાદેવ અને ભવાની શંકર મંદિરે દુર દુરથી ભાવિક ભક્તો આવતા હોય છે. ત્યારે તૂટેલા રસ્તાને કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ચંદ્રસમાન આ રસ્તાઓને કારણે આખરે સ્થાનિક રહીશોએ સુરત મનપાને ઓનલાઈન ફરિયાદ કરી હતી પરંતુ હજુ સુધી આ રસ્તાઓનું પેચવર્ક કરવામાં આવ્યું નથી.

## ડભોલી ઓમકાર સોસાયટીમાં ગેરકાયદે બાંધકામ સંદર્ભે હાઈકોર્ટની કારણદર્શક નોટિસ

### સોસાયટીના ૧૮ સભ્યોએ વકીલ મારફતે હાઈકોર્ટ રીટ પિટિશન કરી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૮**

સુરત, ડભોલી રોડની ઓમકાર સોસાયટીમાં કરેલ ત્રણ ગેરકાયદેસર બાંધકામ વિરુદ્ધ થયેલી રિટ પિટિશનમાં નામદાર હાઈકોર્ટે જારી કરેલ કારણ દર્શક નોટિસો જારી કરી હતી.

ડભોલી રોડ સુરત, વખારીયા વાડી, માં આવેલ ઓમકાર સોસાયટીના અઢાર સભ્યોએ પોતાના એડવોકેટ નિમિષ એમ. કાપડિયા અને ઋષભ કાપડિયા મારફત ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સીવીલ અરજી કરી હતી. અરજીમાં જણાવ્યા મુજબ પ્લોટ નં. ૩૩ ના માલિક જયેન્દ્રભાઈ સવાણી તથા પ્લોટ નં. ૨ ના માલિક ભાવિકાબેન નરેશભાઈ ગઢીયા એ ગેરકાયદેસર રીતે કોમર્શિયલ પ્રકારનો બાંધકામ કરેલ છે. ઉપરાંત છેલ્લા થોડા સમયમાં પ્લોટ નં. ૩૨ ના માલિકો ગંભીરસિંહ અને ભગીરથસિંહ ખેરાડીયાએ પણ ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ છે.આ બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકામાં વારંવાર રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં કઈ કામગીરી કરવામાં આવી ન હતી. સદર કેસમાં એસએમસી તરફથી વકીલશ્રી કૌશલ પંડયા હાજર થયેલ અને નિવેદન કરેલ કે, જો ગેરકાયદેસર બાંધકામ જણાશે તો કોર્પોરેશન કાયદેસર કાર્યવાહી કરી શકશે. આ સંજોગોમાં નામદાર હાઈકોર્ટના જસ્ટિસ મૌન ભટ્ટ સાહેબની કોર્ટે સુરતના મ્યુનિસિપલ કમિશનર, કાર્યપાલક ઈજનેર અને ઉત્તર ઝોન કતારગામના ઝોનલ ઓફિસર, વધારાના સીટી એન્જિનિયર ઉત્તર ઝોન કતારગામ તથા ઉપરોક્ત ચાર ગેરકાયદેસર બાંધકામ કરનારા વ્યક્તિઓ વિરુદ્ધ કારણદર્શક નોટિસ જારી કરી કેસની વધુ સુનાવણી ૦૧.૦૯.૨૦૨૫ ના રોજ રાખેલ છે.

## સિવિલ હોસ્પિટલની આરએમઓ ઓફિસ બ્લડ બેંક જુના ટ્રોમા સેન્ટરમાં સિફ્ટ કરાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૮**

નવી સિવિલ હોસ્પિટલના પરિવર્તનકારક પગલાં હેઠળ હવે ઈર્ડ (રેસિડેન્ટ મેડિકલ ઓફિસર) ઓફિસને તેના મૂળ સ્થળેથી બદલવામાં આવી છે. અંદાજિત ૫૦ વર્ષથી જૂની સિવિલ હોસ્પિટલની બિલ્ડિંગમાં કાર્યરત રહી આવેલી આ ઓફિસને હવે જૂના ટ્રોમા સેન્ટરના પ્રથમ માળે શિફ્ટ કરી દેવામાં આવી છે. આ નવી વ્યવસ્થા સોમવારથી, એટલે કે આજથી અમલમાં મુકવામાં આવી છે. નવી સિવિલ હોસ્પિટલના ઈર્ડ ડો. કેતન નાયકના જણાવ્યા મુજબ, જૂની બિલ્ડિંગ બહુ જર્જરિત અવસ્થામાં હોવાથી તેને તોડી પાડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સુરક્ષા અને સુવિધાની દ્રષ્ટિએ આ નિર્ણય લેવામાં આવ્યો છે.સાથે સાથે, બ્લડ બેંકને પણ નવા સ્થળે ખસેડવામાં આવી છે. પહેલાં જે બ્લડ બેંક જૂની બિલ્ડિંગમાં કાર્યરત હતી, તેને હવે કિડની બિલ્ડિંગના બીજા માળે ખસેડવામાં આવી છે. આ ફેરફારોથી દર્દીઓ અને સ્ટાફ બંનેને વધુ સુવિધા અને સલામતી મળશે. તંત્ર દ્વારા જરૂરિયાત મુજબ સૂચનાઓના સૂચિત બોર્ડ લગાવવામાં આવ્યા છે જેથી આવનારા લોકોની મુશ્કેલી ન વધે.

